અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૧૦ | અંક : ૭૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# શેરબજારમાં રોકાણકારો કમાયા, મૂડી ૭ લાખ કરોડ રૂપિયા વધી

## સેન્સેક્સ ૧૪૩૯.૫૫ પોઇન્ટના ઉછાળા સાથે ૮૨૯૬૨.૭૧ પર બંધ રહ્યો હતો : નિફ્ટી ૪૭૦.૪૫ પોઇન્ટ ઉછળી ૨૫૩૮૮.૯૦ પર બંધ રહ્યો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

વૈશ્વિક સ્તરે મજબૂત પરિબળોના પગલે આજે ભારતીય શેરબજારમાં આકર્ષક તેજી જોવા મળી છે, આ સાથે સેન્સેક્સ ૮૩૦૦૦નું રેકોર્ડ લેવલ વટાવવામાં સફળ રહ્યો છે. નિફ્ટી પણ ૨૫૪૩૩ની ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો છે. આ સાથે આજે રોકાણકારોની મૂડીમાં રૂ. ૭.૪૭ લાખ કરોડનો વધારો જોવા મળ્યો છે. સેન્સેક્સ આજે બપોરના ૨.૦૦ વાગ્યા બાદના ટ્રેડિંગ સેશનમાં આકર્ષક ૧૫૯૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩૧૧૬.૧૯ની રેકોર્ડ ટોચે પહોંચ્યો હતો. જે અંતે ૧૪૩૯.૫૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨૯૬૨.૭૧ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૪૭૦.૪૫ પોઈન્ટ ઉછળી ૨૫૩૮૮.૯૦ પર બંધ રહ્યો હતો. શેરબજારમાં સાર્વત્રિક ઉછાળાનો માહોલ જોવા મળ્યો હતો. ઓટો,



મેટલ, અને એનર્જી શેર્સમાં તેજી સાથે ઈન્ડેક્સ ૨ ટકા સુધી ઉછળ્યા હતાં. જેમાં ટેલિકોમ ઈન્ડેક્સ ૨.૬૧ ટકા ઉછાળા સાથે ટોપ પર્ફોર્મર રહ્યો હતો. એફએમસીજી, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ટેક્નોલૉજી ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછાળા સાથે આજે રેકોર્ડ ટોચે પહોંચ્યા હતા. મીડકેપ ૧.૩૨ ટકા અને સ્મોલકેપ ૦.૭૯ ટકા ઉછાળે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૦૬૯ સ્ક્રિપ્સ પૈકી ૨૩૩૭ શેર્સ સુધારા તરફી અને ૧૬૦૯ શેર્સ ઘટાડા તરફી બંધ રહ્યા હતા. ૨૭૮ શેર્સ વર્ષની ટોચે અને ૩૬ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. સેન્સેક્સ પેકમાં નેસ્લે સિવાય અને તમામમાં ૨૯ શેર્સમાં ૪.૩૬ ટકા સુધી ઉછાળે બંધ રહ્યા હતાં. નેસ્લે ૦.૦૯ ટકા ઘટાડે બંધ રહ્યો હતો. જિયોજિત ફાઈનાન્સિયલ સર્વિસિઝના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે ઈસીબી અને ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની શક્યતા પ્રબળ બનતાં શેરબજારમાં સાર્વત્રિક તેજી જોવા મળી છે. વધુમાં સ્થાનિક સ્તરે પણ ફુગાવો અને આઈઆઈપીના સકારાત્મક આંકડાઓએ પણ માર્કેટને ટેકો આપ્યો છે.

### પીએમ મોદીએ ગણેશ પૂજામાં ભાગ લીધો

# CJI DY ચંદ્રચુડના ઘરે પહોંચ્યા વડાપ્રધાન મોદી

## પીએમ મોદીએ ભગવાન ગણેશની આરતી પણ કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નવી દિલ્હીના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે પીએમ મોદીએ ભગવાન ગણેશની આરતી પણ કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરંપરાગત મરાઠી સફેદ ટોપી પહેરેલા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે આ વર્ષે ગણપતિ ઉત્સવ ૭ સપ્ટેમ્બરથી શરૂ થયો છે. આ ઉત્સવ ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે.

સમગ્ર દેશ ૧૦ દિવસીય ગણપતિ ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરી રહ્યો છે. મુંબઈ અને દિલ્હી સહિત દેશના વિવિધ શહેરોમાં ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીએ નવી દિલ્હીમાં મુખ્ય ન્યાયાધીશના નિવાસસ્થાને આયોજિત ગણેશ પૂજામાં ભાગ લીધો હતો.

પીએમ મોદીએ સોશિયલ સાઈટ X પર ગણેશ પૂજાની તસવીર પોસ્ટ કરી અને લખ્યું કે ભગવાન શ્રી ગણેશ આપણા બધાને સુખ, સમૃદ્ધિ અને સારું સ્વાસ્થ્ય પ્રદાન કરે. એક વીડિયોમાં ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને તેમની પત્ની કલ્પના દાસ પીએમ મોદીનું તેમના ઘરે સ્વાગત કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ મોદી તેમના નિવાસસ્થાને પૂજા કરતા જોવા મળ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડના નિવાસસ્થાને પહોંચ્યા અને ગણપતિ પૂજામાં ભાગ લીધો. CJI ચંદ્રચુડ અને તેમની પત્નીએ મરાઠી ટોપી પહેરીને વડાપ્રધાનનું સ્વાગત કર્યું. પીએમ મોદીએ આધ્યાત્મિક વાતાવરણમાં ભગવાન ગણેશની આરતી પણ કરી હતી.



હાલમાં દેશભરમાં ૧૦ દિવસીય ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર આ વર્ષે ૭ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ તહેવાર મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ભવ્ય શોભાયાત્રા, સાંસ્કૃતિક પ્રદર્શન અને રંગબેરંગી ઉત્સવો સાથે ઉજવવામાં આવે છે. ગણપતિ ઉત્સવ નિમિત્તે મંદિરો અને મંડળો દ્વારા ભવ્ય શણગાર કરવામાં આવે છે.

આ પહેલા બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં, હવે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY) હેઠળ ૭૦ વર્ષ અને તેથી વધુ વયના સિનિયર સિટીઝનને સ્વાસ્થ્ય વીમો આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના હેઠળ, ૫ લાખ રૂપિયાની મફત આરોગ્ય વીમા સુવિધા આપવામાં આવે છે. તેનો ઉદ્દેશ લગભગ ૪.૫ કરોડ પરિવારોને લાભ આપવાનો છે. જેમાં છ કરોડ સિનિયર સિટીઝનનો સમાવેશ થાય છે.

### વીર દાસ ૨૦૨૪ના ઈન્ટરનેશનલ એમી એવોર્ડને હોસ્ટ કરનાર પ્રથમ ભારતીય

। ન્યૂયોર્ક, તા.૧૨ ।

અનન્યા પાંડેની કોમેડી વેબ સિરીઝ કોલ મી બેમાં કામકરનાર કોમેડિયન અને અભિનેતા વીર દાસ કોઈના કોઈ કારણોસર ચર્ચામાં રહે છે. ફરી એક વખત બોલિવુડ અભિનેતા વીર દાસ ચર્ચામાં આવ્યો છે. વીર દાસ ૨૦૨૪ના ઈન્ટરનેશનલ એમી એવોર્ડને હોસ્ટ કરનાર પહેલો ભારતીય બન્યો છે. આ સમાચારથી ખુશ થઈ અનેક બોલિવુડ સ્ટાર આલિયા ભટ્ટ, ઋતિક રોશન, પ્રિયંકા ચોપરા અને આયુષ્માન ખુરાનાએ પ્રતિક્રિયા આપી છે. આ વર્ષે એમી એવોર્ડ્સ ઈવેન્ટ ૨૫ નવેમ્બરથી ન્યુયોર્કમાં શરુ થશે. અભિનેતા વીર દાસે આ વાતની જાણકારી ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. આ પોસ્ટ પર બોલિવુડ સ્ટાર લાઈક અને રિએક્ટ કરી રહ્યા છે.

### ઓમર અબ્દુલ્લાને વોટ વિભાજનનો ડર

# જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સરકાર બનાવી શકે : ઓમર અબ્દુલ્લા

## નેશનલ કોન્ફરન્સના નેતાએ લોકોને ચેતવતા કહ્યું કે તેઓ સમજદારીથી મતદાન કરે અને તેને વિભાજિત ન થવા દે

। (એજન્સી) જમ્મુ, તા.૧૨ ।

નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં ભાજપ સરકાર બનાવી શકે છે. ભાજપ કેવી



રીતે સરકાર રચી શકે છે તેનું કારણ પણ ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું છે. તેમણે કહ્યું કે જો કાશ્મીર ઘાટીમાં મતોનું વિભાજન થશે તો ભાજપ સત્તામાં આવી શકે છે. કુપવાડામાં પત્રકારોએ ઓમરને પૂછ્યું હતું કે, ભાજપ દાવો કરે છે કે તે જમ્મુ કાશ્મીરમાં સરકાર બનાવશે. તેના પર એનસી નેતાએ કહ્યું કે, જો કાશ્મીરમાં લોકો તેમના વોટનું વિભાજન થવા દે તો ભાજપ જમ્મુ કાશ્મીરમાં સરકાર બનાવી શકે છે. મતોના વિભાજનથી બચવા લોકોએ સમજદારીપૂર્વક મતદાન કરવું જોઈએ. વોટ વિભાજનનો ડર માત્ર ઓમર અબ્દુલ્લાને જ નહીં, પરંતુ પીડીપીના વડા મહેબૂબા મુફ્તીને પણ સતાવી રહ્યો છે.

મહેબૂબાએ કહ્યું હતું કે કાશ્મીર ઘાટીમાં મતોનું વિભાજન થઈ શકે છે. તેણે આનો શ્રેય એન્જિનિયર રાશિદને આપ્યો. મહેબૂબાએ એન્જિનિયર રશીદને ભાજપના પ્રોક્સી ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે રાશિદના કારણે કાશ્મીરમાં મતોનું વિભાજન થઈ શકે છે. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ રહી છે. પીડીપી અને નેશનલ કોન્ફરન્સે સત્તામાં આવવા માટે પૂરા પ્રયાસ કર્યા છે. આ ચૂંટણી દ્વારા બંને પક્ષોનું રાજકીય ભવિષ્ય નક્કી થશે. પરંતુ મતદાન પહેલા તેઓ કાશ્મીર ખીણમાં મતોના વિભાજનથી ડરે છે. કાશ્મીર પ્રદેશમાં વિધાનસભાની ૪૭ બેઠકો છે. તેને પીડીપી અને એનસીનો ગઢ કહેવામાં આવે છે. AIP નેતા એન્જિનિયર રાશિદે NC-PDPના ગઢમાં ઘૂસવાનો પ્લાન તૈયાર કર્યો છે.વચગાળાના જામીન પર બહાર આવેલા એન્જિનિયર રાશિદે કાશ્મીર ક્ષેત્રમાં ૨૦ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. રાશિદનું ધ્યાન યુવા મતદારો પર છે. તેમની પાર્ટીના મેનિફેસ્ટોમાં વિદ્યાર્થીઓ માટે ફ્રી લેપટોપનો મુદ્દો સમાવ્યો છે. તેમણે રાજકીય કેદીઓને મુક્ત કરવાનું વચન પણ આપ્યું છે.

### ન્યૂઝ બ્રિફ

### ખેડૂતો માટે કેન્દ્ર સરકારની મોટી જાહેરાત, બે વર્ષ જૂની માંગણી થઈ

। નવી દિલ્હી, તા.૧૨ ।

ખેડૂતોના હિત માટે ભારત સરકાર દ્વારા સતત પગલાં લેવામાં આવી રહ્યા છે. કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો એવી અનેક યોજનાઓ લઈને આવે છે જેનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બને. તેમને સશક્ત બનાવવામાં આવે. પછી ભલે તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હોય કે ખેડૂતોને લગતી અન્ય યોજનાઓ હોય. દેશના કરોડો ખેડૂતો આ યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. આ વચ્ચે કેન્દ્ર સરકારે ફરી એક વખત ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. ખેડૂતોની બે વર્ષ જૂની માંગણી થઈ પૂર્ણ થઈ ગઈ છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખેડૂતોની સેવા અમારા માટે ભગવાનની પૂજા સમાન છે. છેલ્લા દિવસોમાં મધ્યપ્રદેશના ખેડૂતો ચિંતિત હતા. સોયાબીન એમએસપીથી નીચે વેચાઈ રહ્યું હતું. અગાઉ અમે મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યોને મિનિમમ સપોર્ટ પ્રાઈઝ પર સોયાબીન ખરીદવાની મંજૂરી આપી હતી. ગઈકાલે રાત્રે જ મધ્યપ્રદેશ સરકારનો પ્રસ્તાવ આવ્યો હતો. MSP પર સોયાબીનની ખરીદીના એ પ્રસ્તાવને અમે સ્વીકૃતિ આપી દીધી છે.

### ઈઝરાયલે વધુ એક દેશમાં એરસ્ટ્રાઈક કરી

# ઈઝરાયેલનો સીરિયાના બે વિસ્તારમાં એરસ્ટ્રાઈકની સાથે મિસાઈલ હુમલો

। (એજન્સી) સીરિયા, તા.૧૨ ।

હમાસી આતંકવાદીઓ પર આક્રમક બનેલા ઈઝરાયલે વધુ એક દેશમાં એરસ્ટ્રાઈક કરી છે. કમાન્ડો ઓપરેશન પાર પાડવા ઈઝરાયેલી સેના સીરિયામાં ઘૂસી હોવાના તેમજ ત્યાં ઈરાનના અધિકારીઓના અપહરણ કર્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. કમાન્ડોએ સીરિયાના પાંચ સૈન્ય સ્થળો ગ્રાઉન્ડ ઓપરેશન દરમિયાન મિસાઈલ એટેક પણ કરવામાં આવ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ હુમલામાં સાત લોકોના મોત તેમજ ૧૫ લોકોને ઈજા થઈ છે. ઈઝરાયલની કાર્યવાહી બાદ ઈરાન લાલઘૂમ થયું છે. આ એરસ્ટ્રાઈક બાદ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ઉગ્ર વિવાદ શરૂ થઈ ગયો છે. મળતા અહેવાલો મુજબ ઈઝરાયેલના કમાન્ડો ફોર્સે નવમી સપ્ટેમ્બરના સીરિયામાં ઘૂસ્યા હતા, જ્યાં તેમણે ઈરાનના અનેક અધિકારીઓના અપહરણ કર્યા છે. સીરિયાના મસયફ અને હામા વિસ્તારમાં ઈરાનને સમર્થન આપતા આતંકવાદીઓ રહે છે અને આ જ વિસ્તારમાં ઈરાનના અધિકારીઓ આવ્યા હતા. જ્યાં ઈઝરાયલે એરસ્ટ્રાઈક કર્યા બાદ ગ્રાઉન્ડ ઓપરેશન પાર પાડ્યું હોવાનું તેમજ મિસાઈલ એટેક પણ કર્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. સીરિયાની સમાચાર એજન્સી SANAના રિપોર્ટ મુજબ, ઈઝરાયેલના કમાન્ડોએ હામાના પશ્ચિમમાં મસયફને નિશાન બનાવાયું છે. મસયફ ઈરાની દળો અને ઈરાનને સમર્થન આપતા આતંકવાદીઓનો અડ્ડો હોવાનું પણ સામે આવ્યું છે. એજન્સીએ એવું પણ કહ્યું છે કે, કમાન્ડોના હુમલામાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ૧૫ને ઈજા થઈ છે. મસયફ સ્થિત હોસ્પિટલના ડિરેક્ટરે મૃત્યુઆંકની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું છે કે, કેટલાક ઈજાગ્રસ્તોની હાલત ગંભીર છે, મૃત્યુઆંક વધવાની સંભાવના છે. મસયફની સરકારી હોસ્પિટલના ડાયરેક્ટર ફૈસલ હૈદરે કહ્યું કે, 'ઈઝરાયેલ દ્વારા મસયફમાં કેટલાક સ્થળો પર હુમલો કરાયો છે, જેમાં સાતના મોત અને ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં કેટલાકની હાલત ગંભીર છે.'

### સાઉથના અભિનેતા અને તેની પત્નીને નડ્યો અકસ્માત

। ચેન્નાઈ, તા.૧૨ ।

તમિલ એક્ટર જીવા વિશે મોટા સમાચાર આવી રહ્યા છે. બુધવારે સાંજે એક્ટર જીવા પોતાની પત્ની સુપ્રિયા સાથે ચેન્નાઈ જઈ રહ્યો હતો અને રસ્તામાં તેમની કારને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માત તમિલનાડુના કલ્લાકુરિચીમાં બની હતી. આ અકસ્માતમાં કારનું બમ્પર તૂટી ગયું હતું. જોકે, સદનસિબે આ અકસ્માતથી જીવા અને સુપ્રિયા ગંભીર રીતે ઘાયલ થયા નથી. આ અકસ્માતની તસવીરો અને વીડિયો સામે આવ્યા છે.

### ઉધમપુરમાં સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા

# ચૂંટણી પૂર્વે જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો

## જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૧૨ ।

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ૧૮મી સપ્ટેમ્બરે મતદાન થશે. તેના સાત દિવસ પહેલા ઉધમપુરમાં એન્કાઉન્ટર અને યુદ્ધવિરામનો ભંગ થયો છે. જમ્મુ-કાશ્મીરના અખનૂરમાં ૧૦-૧૧ સપ્ટેમ્બર દરમિયાનની મોડી રાત્રે ૨-૩૫ કલાક પાકિસ્તાનના જવાનોએ સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જોકે, વળતા પ્રહારમાં બીએસએફના જવાનોએ ફાયરિંગ કર્યુ હતું. ફાયરિંગમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. આ સિવાય, જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં સુરક્ષા દળો સાથેની જૂથ અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર થયા છે. ભારતીય સૈન્યે જણાવ્યું કે આર્મીના ફર્સ્ટ પેરાના જવાનોને બુધવારે સવારે ઉધમપુરના ખંડરા ટોપના જંગલોમાં ત્રણેક આતંકવાદી છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યાર પછી પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ. બપોરે ૧૨-૫૦ કલાકે આતંકવાદીઓએ જવાનો પર ફાયરિંગ કર્યું હતું. જોકે, ત્વરિત જવાબી કાર્યવાહીના ભાગરુપે સૈન્યના જવાનોએ પણ ફાયરિંગ કર્યુ હતું.

### ઓફિસરને ફૂલોનો ગુલદસ્તો-મીઠાઈનું પેકેટ આપ્યું હતું

# લાંચ આપવાના પ્રયાસમાં અદાણી જૂથના કર્મચારીની ધરપકડ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અદાણી ગ્રૂપની સિમેન્ટ મેન્યુફેક્ચરિંગ કંપની અંબુજા સિમેન્ટના વરિષ્ઠ એક્ઝિક્યુટિવની બુધવારે ઓડિશામાં છજી અધિકારીને લાંચ આપવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. વિજિલન્સ ટીમના અધિકારીઓના જણાવ્યા અનુસાર બુધવારે એક વ્યક્તિ બારગઢ જિલ્લા કલેક્ટર આદિત્ય ગોયલની ઓફિસે પહોંચ્યો હતો. આ દરમિયાન તેમણે ઓફિસરને ફૂલોનો ગુલદસ્તો અને મીઠાઈનું પેકેટ આપ્યું હતું. અધિકારીના જણાવ્યા અનુસાર, પેકેટ અંગે કોઈ શંકા હોય તો, કલેક્ટરે તેના પટાવાળાને પેકેટ ખોલવાની સૂચના આપી હતી. પેકેટમાંથી રૂ.૫૦૦ની નોટના ચાર બંડલ મળી આવ્યા હતા. આ પછી તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને આ અંગે વિજિલન્સ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ તકેદારી ટીમ ત્યાં પહોંચી અને ૨ લાખ રૂપિયાની રોકડ ધરાવતું પેકેટ જપ્ત કર્યું હતું. આ વ્યક્તિની ઓળખ રામભવ ગટ્ટુ, મુખ્ય બાંધકામ અધિકારી (પૂર્વ), અંબુજા સિમેન્ટ, છત્તીસગઢ તરીકે કરવામાં આવી છે તેમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આરોપીઓ સામે લોકસેવકને ઉશ્કેરવાનો પ્રયાસ કરવા બદલ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ સુધારો અધિનિયમ, ૨૦૧૮ ની કલમ ૮/૯/૧૦ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### શોર્ટ સર્કિટથી ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું ષડયંત્ર!

# દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન OHE વાયર સાથે અથડાયા બાદ જોરદાર વિસ્ફોટ

। (એજન્સી) હરદોઈ, તા.૧૨ ।

યુપીના હરદોઈમાં કોલકાતાથી અમૃતસર જઈ રહેલી દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન (૧૨૩૫૭) OHE વાયર સાથે અથડાયા બાદ જોરદાર વિસ્ફોટ થયો હતો. આ ટ્રેન બુધવારે સવારે ૩.૩૦ વાગ્યે લખનઉથી રવાના થઈ હતી. સવારે પાંચ વાગ્યે ઉમરતાલી સ્ટેશનથી પસાર થતાંની સાથે જ તે ટ્રેક પર લટકતા OHE વાયર સાથે અથડાઈ હતી. ટ્રેન અથડાયા બાદ લાઈનમાં વિસ્ફોટ સાથે ખામી સર્જાઈ હતી. હવે રેલવેએ આ મામલામાં ઉંડાં કાવતરાની આશંકા વ્યક્ત કરી છે. હકીકતમાં, આ સમગ્ર ઘટના બુધવારે બની હતી. દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેક પર લટકતા OHE વાયર સાથે



અથડાઈ હતી. પાયલટે ટ્રેન રોકીને ઉમરતાલી અને દલેલનગર સ્ટેશનને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે જ લખનઉથી આવતી તમામ ટ્રેનોને રોકી દેવામાં આવી હતી. લગભગ છ કલાક બાદ ડીઝલ એન્જિનથી દુર્ગિયાના એક્સપ્રેસ શરૂ કરવામાં આવી હતી. આ ઘટના બાદ રાજધાની અને વંદે ભારતને અલગ-અલગ રૂટ પર મોકલવામાં આવી હતી. આ સાથે લગભગ બે ડઝન ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા હતા. રેલવેએ બે ટ્રેનો રદ્દ કરી હતી. હવે આ સમગ્ર મામલામાં રેલવે તરફથી કોઈ ઊંડું કાવતરું હોવાના સંકેત મળી રહ્યા છે. રેલવેને આશંકા છે કે, UPના હરદોઈમાં ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ દ્વારા ટ્રેનમાં બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન જ્યાં અથડાઈ હતી તે ઈલેક્ટ્રિક પોલના કેબલમાં કોઈએ છેડછાડ કરી હતી. રેલવે આ મામલે તપાસ કરી રહી છે. અહેવાલોમાં રેલવે સૂત્રોને ટાંકીને જણાવ્યા મુજબ, બુધવારે કોલકાતાથી અમૃતસર જતી દુર્ગિયાના એક્સપ્રેસ ટ્રેન જે રીતે ઈલેક્ટ્રિક પોલના કેબલ સાથે અથડાઈ તે સામાન્ય રીતે બનતું નથી.

## ન્યૂઝ બ્રિફ

### નિઃશુલ્ક મળતી કચરાની ડોલ લેવા લોકોમાં પડાપડી

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૨ ।

જુનાગઢ મનપાની ઝોલન કચેરીમાં કચરાની ડોલ લેવા માટે લોકોએ પડાપડી કરી. મહાનગરપાલિકા દ્વારા આ અપાતી નિઃશુલ્ક ડોલ લેવા માટે લોકો ઉમટી પડ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષનો વેરો ભર્યો હોય તેને જ ડોલનું વિતરણ કરવામાં આવે છે. શહેરની અલગ અલગ ઝોનલ ઓફિસ ખાતે હાલ ડોલનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જેમા ભીના અને સૂકા કચરા માટે અલગ અલગ ડોલ આપવામાં આવે છે. ટીંબાવાડી ઝોનલ ઓફિસ ખાતે ડોલ લેવા માટે ધક્કા મુક્કી અને અફરાતફરી મચી ગઈ હતી. વિતરણ વ્યવસ્થામાં ડખો થતા મહિલાઓએ ધક્કા મુક્કી કરી ડોલ લઈ લીધી હતી. મનપાના કર્મચારીએએ આ સમગ્ર મામલે કમિશનર સહિતનાઓને રજૂઆત કરી હતી. છેલ્લા પાંચ દિવસથી ડોલનું વિતરણ શરૂ કરવામાં આવ્યુ છે. તમામ જગ્યાએ ડોલ લેવા માટે માટે લાંબી લાઈનો લાગી રહી છે. છેલ્લા પાંચ દિવસથી શહેરની વિવિધ ઝોનલ ઓફિસ દ્વારા કચરાની ડોલનુ વિતરણ થઈ રહ્યુ છે. જો કે આજે રીતસર જાણે ડોલોને લૂંટ મચી ગઈ હોય તે પ્રકારના દશ્યો સામે આવ્યા હતા.

### સ્વામિ. મંદિરના નામે ઠગાઈમાં ગઠિયાના ચાર દિવસના રિમાન્ડ

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટના મવડીમાં રહેતા એસ્ટેટ બ્રોકર ભાગીદારો સાથે જમીનમાં કમિશન અપાવવાના બહાને રૂપિયા ૩ કરોડની ઠગાઈ કર્યાના બનાવમાં ચાર સ્વામી સહિતની ટોળકી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. દરમિયાન પોલીસે સુરતમાં રહેતા ચીટર ટોળકીના સાગરીત અને કામરેજના શિક્ષકને ઝડપી લઈ ચાર દિવસના રિમાન્ડ પર લીધા છે. જ્યારે ફરાર સ્વામી સહિતની ટોળકીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે. રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખા ટીમ દ્વારા આરોપી ભૂપેન્દ્ર પટેલ અને વિજયસિંહ ચૌહાણની ગોવાથી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.મવડીના નવલનગરમાં રહેતા અને ભક્તિનગર સર્કલ પાસેના મેઘાણી રંગભુવનમાં ઓફિસ ધરાવતા જસ્મીન બાલાશંકર માઢક અને જય મોલિયા નામના એસ્ટેટબ્રોકર ભાગીદારો સાથે ધોરાજીના ઝાલણસરના વિજયપ્રકાશ સ્વામી ઉર્ફે વી. પી. સ્વામી, જૂનાગઢના જયકૃષ્ણ સ્વામી ઉર્ફે જે. કે. સ્વામી, અંકલેશ્વર પાનોલીના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમ. પી. સ્વામી, આણંદના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રીય સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા, સુરતના સુરેશ ધોરી, ભૂપેન્દ્ર પટેલ, વિજયસિંહ આલુસિંહ ચૌહાણ સહિતની ટોળકી દ્વારા લિંબ ગામે પોઈચા જેવું મંદિર અને ગૌશાળા બનાવવા માટે જમીન ખરીદવાના બહાને રૂ. ૩.૦૪ કરોડની ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ જસ્મિન માઢકે નોંધાવતા પોલીસે ચીટર ટોળકી સામે ગુનો નોંધ્યો હતો. આ બનાવ અંગે રાજકોટની આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. ચીટર સ્વામી સહિતની ટોળકી દ્વારા રાજકોટ સહિત ગુજરાતનાં સાત શહેરમાં ૧૫ કરોડની ઠગાઈ આચર્યાના ૮ ગુના નોંધાયા હોવાનું તપાસમાં ખૂલ્યું હતું.

#### પાટણ સરસ્વતી ડેમમાં

# ગણેશ વિસર્જન વખતે ડૂબી જવાથી ચાર વ્યક્તિનાં મોત

### સ્થળ પર પાટણ શહેર સહિત આજુબાજુના તાલુકા વિસ્તારમાંથી આઠ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનો તૈનાત કરવામાં આવી હતી

। (એજન્સી) પાટણ, તા.૧૨ ।

પાટણના સરસ્વતી ડેમમાં ગણેશ વિસર્જન માટે આવેલા પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા પ્રજાપતિ પરિવારના ચાર સભ્યો સહિત કુલ સાત સભ્યો પાણીમાં ગરક થયા હતા. જે અંગે જાણ થતાં રાહત માટે દોડી આવેલા તરવૈયાઓએ ત્રણ જણાને બહાર કાઢી બચાવી લીધા હતા જ્યારે પ્રજાપતિ પરિવારના એક જ સમાજના ચાર લોકોના ડૂબી જવાથી મોત થયા છે. પાટણ શહેરના વેરાઈ ચકલા વિસ્તારમાં રહેતા નીતિશભાઈ પ્રજાપતિના પત્ની પોતાના બે બાળકો અને પોતાના ભાઈ સાથે સરસ્વતી ડેમ પર ગણેશ વિસર્જન માટે આવ્યા હતા. તે સમયે પાણીનો પ્રવાહ વધુ હોવાથી નદીના વહેણમાં તણાયા હતા. તેઓની સાથે બે પંડિત યુવાનો અને અન્ય એક વ્યક્તિ પણ તણાતાં ડેમ ઉપર હાજર અન્ય લોકોએ બૂમાબૂમ કરી હતી.

આ ઘટનાની જાણ થતા રાહત બચાવ માટે તરવૈયાઓની ટીમને કામે લગાડી હતી. સ્થળ પર પાટણ શહેર સહિત આજુબાજુના તાલુકા વિસ્તારમાંથી આઠ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનો તૈનાત કરવામાં આવી હતી. તરવૈયાઓ દ્વારા બચાવ કામગીરી હાથ ધરી સાત પૈકીના મેહુલભાઈ પંડિત, બંટીભાઈ પંડિત તથા અન્ય એક વ્યક્તિને બચાવી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે જિમીત નીતિનભાઈ પ્રજાપતિનો મૃતદેહ બહાર કઢાયો હતો. રાત્રિનો સમય થઈ જતાં બે જેસીબી, ચાર ટ્રેક્ટર વડે લાઈટ્સ ચાલુ કરીને શીતલબેન નિતેશભાઈ પ્રજાપતિ, દક્ષ નિતેશભાઈ પ્રજાપતિ અને નયન રમેશભાઈ પ્રજાપતિની રાત સુધી શોધખોળ હાથ ધરતાં બાકીના ત્રણેયના મૃતદેહ પણ મળી આવ્યા હતા.

#### ભાદરવી મહામેળો ૨૦૨૪

## લાખો માઈભક્તોની આસ્થાના અવસર ભાદરવી પૂનમ મહામેળાનો રંગેચંગે પ્રારંભ

### મિહિર પટેલના હસ્તે અંબાજી ભાદરવી પૂનમ મહામેળાનો શુભારંભ કરાયો



। ગાંધીનગર, તા.૧૨ ।

શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ૧૮ મી સપ્ટેમ્બર સુધી સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૪ યોજાઈ રહ્યો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાની આજથી શરૂઆત થતી હોઈ જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો.

અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા- અર્ચના કરીને કલેક્ટરશ્રી સહિત મહાનુભાવોએ રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી. કલેકટરશ્રી મિહિર પટેલે લાખો માઈભક્તોને મેળામાં આવકારતાં મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠ્યા છે ત્યારે કલેકટરશ્રી મિહિર પટેલે સિદ્ધહેમ સેવા કેમ્પ ખાતે મુલાકાત કરી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી હતી. મેળાના પ્રારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે દવે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા, અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર શ્રી કૌશિક મોદી સહિત અંબાજી મેળાના આયોજન માટે બનાવવામાં આવેલ વિવિધ સમિતિઓના સુપરવાઈઝર ઓફિસરશ્રીઓ અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

#### CCTV પણ લગાવવામાં આવ્યા

## સૈયદપુરાના બનાવ બાદ ગણેશ પંડાલોને અપાઈ પોલીસ સુરક્ષા

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

ગણપતિના પંડાલો માટે સુરત પોલીસ કમિશનર અને સ્થાનિક પોલીસ અધિકારીઓ પાસે બંદોબસ્તની માંગણી કરવામાં આવી છે. આ માંગને ધ્યાનમાં રાખી સુરત પોલીસ દ્વારા ૨૪ કલાક માટેના બે પોલીસ કર્મચારીઓની ફાળવણી કરવામાં આવી છે. સુરતઃ દેશભરમાં ગણેશ ઉત્સવ ચાલી રહ્યો છે. ત્યારે સુરતમાં રવિવારે મોડી સાંજે ગણેશ મંડપ પર પથ્થરમારાની ઘટના બાદ ભારે હંગામો થયો હતો. પથ્થરમારો, ગાડીઓ સળગાવી અને તોડફોડની ઘટના બાદ હવે ગણેશ સ્થાપન કરનારા લોકોએ સુરતના સિટી વિસ્તારમાં ગણપતિ મંડપ પર આ પ્રકારની ઘટના ન બનેસુરત તે માટે પોલીસ બંદોબસ્તની માંગ કરી હતી અને સુરત પોલીસે આ માંગ સ્વીકારી છે. દેશભરમાં ગણેશ ઉત્સવનો તહેવાર ચાલી રહ્યો છે. ગણેશ સ્થાપનાને લઈને થયેલા વિવાદને લઈ ગુજરાતનું સુરત હાલ દેશભરમાં ચર્ચાના સ્થાને છે. સુરતમાં ૮૦,૦૦૦ કરતાં વધારે પ્રતિમાનું સ્થાપન થયું છે. રવિવારના દિવસે મોડી સાંજે સુરતના લાલગેટ પોલીસ સ્ટેશનના વિસ્તાર રામપુરા નજીક ગણપતિના મંડપ ઉપર પથ્થરમારાની ઘટનાને લઈને જે પ્રકારે વિવાદ શરૂ થયો હતો જેમાં લોકો રસ્તે ઉતર્યા હતા અને હંગામા મચાવ્યો હતો. સાથે સાથે ગાડીઓમાં તોડફોડ, પથ્થરમારો અને ગાડીઓ સળગાવવાની ઘટનાને પણ અંજામ આપ્યો હતો. જેને લઈને સુરત શહેરની શાંતિ ડોહરાઈ હતી. આ ઘટના બાદ સુરત પોલીસે રામપુરા વિસ્તારમાં પોલીસનો ચાપતો બંદોબસ્ત સાથે ૨૪ કલાકનું પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. જ્યારે સુરતનો સિટી વિસ્તાર ગણાતો એવો કોર્ટ વિસ્તારમાં અનેક ગણપતિ મંડળો પર આ પ્રકારની ઘટનાઓ ન બને અને ઘટના બાદ અશાંતિ ન ફેલાય તેને લઈને ગણેશ આયોજકોમાં ડરનો માહોલ ફેલાયો છે. જેને લઈને ગણપતિના પંડાલો માટે સુરત પોલીસ કમિશનર અને સ્થાનિક પોલીસ અધિકારીઓ પાસે બંદોબસ્તની માંગણી કરવામાં આવી છે.

## અધિકારીઓની બેદરકારીથી લાખોનું સરકારી અનાજ પલળ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।

સરકારી અનાજ પણ વરસાદમાં સુરક્ષિત રહ્યું નથી. એટલે કે રાજ્યભરમાં થયેલા ભારે વરસાદના કારણે અનેક ખેડૂતોને પાકમાં નુકસાની આવી છે. એવી રીતે અમદાવાદ જિલ્લામાં વાવેતર કરેલ ડાંગર પણ પાણી ભરાવાના કારણે ખેડૂતોને નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. તેવી રીતે રાજ્યમાં પડેલા ભારે વરસાદ અને પૂરના પાણીથી સરકારને પણ લાખો રૂપિયાનું નુકસાન થયું છે. કેમ કે ભારે વરસાદથી ઠેર ઠેર પાણી ભરાવાના કારણે સરકારી ગોડાઉનમાં પાણી ભરાવાના કારણે સંગ્રહાયેલી ડાંગરને પણ નુકસાન થયું છે. આવું જ નુકસાન વિરમગામ ખાતે આવેલા FCI ગોડાઉનમાં પાણી ભરાવાના કારણે ભારે નુકસાન થયું છે. વાત જાણે એમ છે કે ગત વર્ષે સરકારે ટેકાના ભાવે ખેડૂતો પાસેથી જણસ ખરીદી કરીને તેનો સંગ્રહ વિવિધ કંપનીના નેજા હેઠળ ગોડાઉનમાં જાળવણી સાથે સંગ્રહ કરવામાં આવતો હોય છે. એવી જ રીતે ગત વર્ષે એટલે કે ડિસેમ્બર ૨૦૨૩ - ૨૪ અમદાવાદ જિલ્લામાં પાકેલી ડાંગરની ખરીદી સરકારે ટેકાના ભાવે કરી હતી.

સરકારે ટેકાના ભાવે ખરીદેલી ડાંગર બીડવેલ કંપનીના નેજા હેઠળ વિરમગામ ખાતે આવેલા FCI ગોડાઉન ખાતે સંગ્રહ કરવામાં આવી હતી. જોકે તાજેતરમાં જન્માષ્ટમી બાદ થયેલા ભારે વરસાદમાં સરકારે ટેકાના ભાવે ખરીદેલી ડાંગર વિરમગામમાં ભાડે રાખેલા ગોડાઉનમાં પલળી ગઈ હતી. તે સ્થળોએ કમ્પાઉન્ડમાં પાણી ભરાવાને કારણે ડાંગર પલળી ગઈ છે. આમ તો વિરમગામના ૩ ગોડાઉનમાં ડાંગરનો મોટો જથ્થો રખાયો છે, સંગ્રહ કરેલા ડાંગરનો પાક ગોડાઉનમાં પાણી ભરાવાને કારણે તબાહ થઈ ગયો છે. ત્રણ ગોડાઉન એટલે કે પ્રત્યેક ગોડાઉનમાં અંદાજિત ૨ લાખ બોરી ડાંગરનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. આમ કુલ ૩ ગોડાઉનમાં અંદાજિત ૭ લાખ બોરીનો સંગ્રહ કરાયેલો છે. જેમાં નીચે રહેલી ડાંગર વરસાદના પાણીમાં પલળી જતા અંદાજિત ૨૧૫ લાખની સરકારી ડાંગર બગડી ગઈ હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. ગોડાઉનમાં પાણી ભરાવાના કારણે ડાંગરમાં હવા પણ લાગી ગઈ છે અને ડાંગર એટલી હદે બગડી કે ડાંગરને જે કોથળામાં સંગ્રહ કર્યો હતો તે કોથળા પણ સડી ગયા છે. સડી ગયેલા કોથળા પરથી અંદાજ આવે કે એર ટાઈટ ગોડાઉનમાં પાણી પણ ના જઈ શકે, છતાં પાણી ઘૂસ્યું અને સંગ્રહેલી લાખો રૂપિયાની ડાંગર સડી ગઈ હતી.

## જૂનાગઢના ૮૫ વર્ષીય દાદીએ જીત્યા ગોલ્ડ મેડલ

। (એજન્સી) નડિયાદ, તા.૧૨ ।

ગુજરાત માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ૭મી અને ૮મી સપ્ટેમ્બરના નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે ઝડપી ચાલ અને દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી સિનિયર સિટિઝને ભાગ લીધો હતો. જેમાં ૮૫ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ ધરાવતા જૂનાગઢના ભાનુમતીબહેન પટેલે ૧૫૦૦ મીટર, ૫ હજાર મીટર દોડ તેમજ ૫ હજાર મીટર ઝડપી ચાલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમણે આ ત્રણેય સ્પર્ધા નિયત સમયમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જે બદલ માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ભાનુમતીબહેન પટેલને ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલ ફિટ રહેવા માટે નિયમિત ચાલવું, કસરત કરવાની ટેવ ધરાવે છે. આ ઉપરાંત તેઓ પૌષ્ટિક આહાર લે છે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે અત્યાર સુધીમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દોડ તેમજ ઝડપી ચાલ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર મેડલ જીતી ચૂક્યા છે.

## આણંદમાં ૨૦૦ રૂપિયા માટે મિત્રએ જ મિત્રનું માથું છૂંદીને હત્યા કરી

। (એજન્સી) આણંદ, તા.૧૨ ।

આણંદ શહેરમાં ૧૦૦ ફુટ રોડ પર લલીતા પાર્ક સોસાયટીમાં રહેતા અને મૂળ રાજસ્થાનનાં સિરોહી જિલ્લાનાં લુટીવાડા ગામનાં રહીસ સુરેશભાઈ રાવતાજી મારવાડી(સરગરા) જેઓ આણંદ શહેરમાં સરદારગંજમાં છુટક મજુરીનું કામ કરતા હતા. મંગળવારે સવારનાં સુમારે સરદાર ગંજમાં રાધાસ્વામી સુલય કોમ્પલેક્ષની બાજુમાં ઓટલા પરથી તેઓનો લોહીથી લથપથ હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસ ધટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતક સુરેશભાઈનાં મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ધટનાને લઈને મૃતકનાં પરિવારજનો પણ ધટના સ્થળે દોડી આવ્યા હતા અને ભારે કલ્પાંત મચાવ્યું હતું. પોલીસે તપાસ કરતા મૃતક સુરેશભાઈનાં મોઢા અને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ થયેલી હોવાનાં કારણે મોત નિપજયું હોવાનું જણાતા પોલીસે ધટના સ્થળની આસપાસનાં વિસ્તારમાં સીસીટીવી કેમેરાનાં ફુટેજની તપાસ હાથ ધરતા જેમા પોલીસને હત્યા અંગે કડી મળતા પોલીસે હત્યા કરનાર આરોપી સરદાર ગંજમાં રહેતા અને મૂળ રાજસ્થાનનાં ઝાલોર જિલ્લાનાં ચાંદના ગામનાં વિપુલ ઉર્ફે કાળુ રામાજી મારવાડીને ઝડપી પાડી તેની પુછપરછ કરતા વિપુલ ઉર્ફે કાળુએ હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.

## રાજકોટમાં મીઠાઈ સ્ટોર પર દરોડા ફૂગવાળી અઢી ટન મીઠાઈનો નાશ

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

રાજકોટમાં તહેવારો પર મીઠાઈની દુકાનોમાંથી મીઠાઈ લેવાનું ચલણ સતત વધી રહ્યું છે. મોંઘી મિઠાઇ હોવા છતા શુદ્ધ વસ્તુઓ મળશે તેવું માનીને લોકો ખરીદી કરતા હોય છે. પરંતુ આજે શહેરના વિખ્યાત પટેલ પેંડાવાળાને ત્યાંથી ટન મોઢે મીઠાઈનો જથ્થો ફૂડ વિભાગે ઝડપી પડતા શહેરીજનોનો મોહભંગ થઈ ગયો હતો.તહેવારોને અનુલક્ષીને રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા નાના મવા મેઈન રોડ પર આવેલી પટેલ પેંડાવાલા પેઢીની સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ ઉત્પાદક પેઢીમાં વિવિધ પ્રકારની મીઠાઇ તથા ફરસાણનું ઉત્પાદન -સંગ્રહ કરી વેચાણ કરતાં હોવાનું માલૂમ પડ્યું હતું. પેઢીના કોલ્ડ રૂમની તપાસ કરતાં તેમાં પેઢીમાં ઉત્પાદન કરેલા મીઠા માવાની પ્લાસ્ટિક પેક્ડ બેગનો જથ્થો તથા મીઠાઈનો જથ્થો સંગ્રહ કરેલ જોવા મળ્યો હતો. પ્લાસ્ટિક બેગમાં પેક કરેલ મીઠો માવાની બેગ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે વિગતો છાપેલ ન હોવાનું તેમજ ફંગસ ડેવલપ થયેલું માલૂમ પડ્યું હતું તેમજ કોલ્ડ રૂમમાં સંગ્રહ કરેલી વાસી પડતર મીઠાઈ મળીને અંદાજીત ૨૬૦૦ કિ.ગ્રા. જથ્થો માનવ આહાર માટે યોગ્ય ન હોવાથી પર્યાવરણ વિભાગના વાહન દ્વારા સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

## વિશેષ

### ઓર્ગેનાઇઝર-વિક્લી દ્વારા ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી અમદાવાદમાં 'આયુષ્યમાન ભવઃ' સંગોષ્ઠિનું આયોજન

# જે વ્યક્તિ પ્રકૃતિ સાથે જોડાયેલી રહેશે એ સ્વસ્થ રહેશે, જે પ્રકૃતિથી દૂર જશે તે અસ્વસ્થ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ ।

ઑર્ગેનાઈઝર-વિક્લી દ્વારા ગુજરાત યુનિવર્સિટીના સહયોગથી અમદાવાદમાં 'આયુષ્યમાન ભવઃ' સંગોષ્ઠિનું આયોજન કરાયું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે આ સંગોષ્ઠિનો શુભારંભ કરાવ્યો હતો. ભારતમાં સસ્તી, સુલભ અને સંપૂર્ણ સ્વાસ્થ્ય સેવા વિશે વિચાર વિમર્શ કરવા આયોજિત આ સંગોષ્ઠિના શુભારંભે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, જે વ્યક્તિ પ્રકૃતિ સાથે જોડાયેલી રહેશે એ સ્વસ્થ રહેશે. જે વ્યક્તિ પ્રકૃતિથી દૂર જશે તે અસ્વસ્થ રહેશે. દરેક વ્યક્તિએ પ્રકૃતિની વ્યવસ્થામાં વિશ્વાસ રાખવો જોઈએ.






રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સ્વાસ્થ્ય એ જીવનની મહત્વપૂર્ણ વિદ્યા છે, 'પહેલું સુખ તે નિરોગી કાયા'. માનવ શરીર સ્વસ્થ હશે તો જ ધર્મ, અર્થ અને કામ વ્યવસ્થિત થશે. સ્વસ્થ શરીર જીવનની પહેલી આવશ્યકતા છે. માનવ જીવનને સુરક્ષિત કરીને તત્કાળ ઉપાય આપી શકે એ તમામ સ્વાસ્થ્ય સેવા ઉત્તમ છે. ઈલાજ તો ઉપલબ્ધ થઈ જશે પણ દરેક વ્યક્તિએ પ્રયાસ એ કરવો જોઈએ કે બીમાર જ ન પડાય.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ શાસ્ત્રનું ઉદાહરણ આપતાં કહ્યું કે, સ્વસ્થ રહેવા માટે ત્રણ ઉપાય આવશ્યક છે; મિત્ત ભૂખ, હિત ભૂખ અને ઋતુ ભૂખ. એટલે કે ભૂખ લાગી હોય તેનાથી ઓછું ખાવું, યોગ્ય માત્રામાં જમવું. શુદ્ધ-સાત્ત્વિક ખાવું. શરીર માટે હિતકારી હોય તે જ ભોજન લેવું. મોસમને અનુરૂપ ભોજન લેવું.ખ શરીર રોગોનું ઘર કહેવાય છે, પરંતુ સંયમ અને નિયમથી રોગમુક્ત બની શકાય છે.

રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી આપણા અનાજ, શાકભાજી અને ફળ-ફળાદીમાં દ્વારા ધીમું ઝેર આપણા શરીરમાં જઈ રહ્યું છે. ધરતીમાં પોષક તત્વો જ નથી રહ્યા, પરિણામે અનાજ-શાકભાજીમાં પણ પોષક તત્વોની ઉણપ છે. વ્યક્તિનું પેટ તો ભરાય છે, પણ પોષણ મળતું નથી. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સાન્નિધ્યમાં આખા ભારતમાં પ્રાકૃતિક ખેતી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શુદ્ધ, સાત્ત્વિક,ડ પ્રાકૃતિક અનાજ-શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનોથી ભૂમિ પુનઃ ફળદ્રુપ થઈ જશે. અનાજ સ્વાસ્થ્યપ્રદ થશે. ખેડૂતોનો ખેતી ખર્ચ શૂન્ય થઈ જશે. પર્યાવરણ પણ સુધરશે, પાણી બચશે અને લોકોનું કલ્યાણ થશે. તેમણે સ્વસ્થ-નિરોગી જીવન માટે દિનચર્યા યોગ્ય કરીને સંયમ અને નિયમ પાળવા લોકોને અનુરોધ કર્યો હતો.

ઑર્ગેનાઈઝર-વિકલીના સંપાદક શ્રી પ્રફુલ કેતકરે સ્વાગત ઉદબોધનમાં કહ્યું હતું કે, ભારત દેશ આજે પ્રગતિશીલ બનીને સ્વદેશ તથા વિદેશોના પણ સેટેલાઈટ લૉન્ચ કરી રહ્યું છે. ભારતમાં સુલભ અને સસ્તી આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવી હશે તો આ ક્ષેત્રના તમામ સહભાગીઓએ સાથે આવવું પડશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ સંગોષ્ઠિમાં ઉપસ્થિત સૌ કોઈ સુલભ, સસ્તી અને સંકલિત આરોગ્ય સેવાઓ તથા લાઈફ સ્ટાઈલના પ્રશ્નોનું નિવારણ કરીને ભારતને આરોગ્ય ક્ષેત્રમાં આગળ લઈ જવાનો સંકલ્પ સિદ્ધ કરશે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. નીરજા ગુપ્તાએ પ્રસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે, રાજપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી હંમેશા વિદ્યાર્થીઓને પ્રકૃતિ અને મૂલ્ય સાથે જીવન જીવવા માટે પ્રેરિત કરે છે. આયુર્વેદિક પ્રણાલીમાં પ્રચલિત માનવ શરીરના પ્રકૃતિ આધારિત પાંચ તત્વો પૈકીના તત્વદોષને ઠીક કરવાથી મનુષ્યનું સ્વાસ્થ સારું થઈ શકે છે. મનુષ્યની પ્રકૃતિ જો ખરાબ હોય તો મનુષ્યના આહારમાં પરિવર્તન કરવાથી તે મનુષ્યની પ્રકૃતિ બદલી શકાય છે તેમ તેમણે ઉમેર્યું હતું. નાટ્યશાસ્ત્ર અને સાહિત્યના વિદ્યાર્થીની તરીકે નાટ્યશાસ્ત્રને તેઓએ એક મેડિકલ ટ્રિટી તરીકે દર્શાવી હતી અને નાટ્યશાસ્ત્ર સાઈકોસોમેટિક રોગોને નિવારવાનો ઉપાય દર્શાવે છે તેમ તેમણે જણાવ્યું હતું. 'આયુષ્માન ભવઃ' થીમ આધારિત આ કાર્યક્રમમાં તેમણે મેડિકલ અને સાયન્સના વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં યોગદાન આપવા સજ્જતા કેળવવા અનુરોધ કર્યો હતો. આ અવસરે અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન તથા ભારત પ્રકાશન લિમિટેડ, નવી દિલ્હીના પ્રબંધ નિર્દેશક શ્રી અરુણકુમાર ગોયલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસે બીજેપી નેતાનો વીડિયો શેર કર્યો

# રાહુલ ગાંધી તારી હાલત પણ તારી દાદી જેવી જ થશે'

## કોંગ્રેસ પાર્ટીએ પોતાના 'X' હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે : કોંગ્રેસે વડાપ્રધાનને આ અંગે પગલાં લેવા જણાવ્યું

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને શીખો માટે નિવેદન આપવું ભારે પડી રહ્યું છે. રાહુલ ગાંધીએ ભારતમાં શીખોને ધાર્મિક સ્વતંત્રતા ન હોવાનો આરોપ લગાવ્યા બાદ ભાજપના શીખ નેતાઓએ દિલ્હીમાં વિરોધ કર્યો હતો. આ દરમિયાન કોંગ્રેસે ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય તરવિંદર સિંહ મારવાહનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે રાહુલ ગાંધીના હાલ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી જેવા કરવાની ધમકી આપી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ પોતાના 'X' હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ અંગે પગલાં લેવા જણાવ્યું છે. કોંગ્રેસે લખ્યું, "દિલ્હી બીજેપીના નેતા અને પૂર્વ ધારાસભ્ય, તરવિંદર સિંહ મારવાહએ આજે વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું, રાહુલ ગાંધી સુધરી જા નહીં તો ભવિષ્યમાં તારી સ્થિતિ પણ તારા દાદી જેવી જ થશે. આ બીજેપી નેતા ખુલ્લેઆમ દેશના પ્રતિપક્ષ નેતાને હત્યાની ધમકી આપી રહ્યોં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી, પોતાની પાર્ટીમાં આ નેતાની ધમકી પર તમે ચૂપ ન રહી શકો. આ ખૂબ જ ગંભીર મામલો છે. તમારી પાર્ટીની નફરતની ફેક્ટરીનું આ પ્રોડક્ટ છે. તેના પર કાર્યવાહી કરવી જ જોઈએ.

નોંધનીય છે કે અમેરિકાની મુલાકાત દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "ભારતમાં શીખ સમુદાયમાં ચિંતા છે કે શું તેમને પાઘડી અને બ્રેસલેટ પહેરવાની મંજૂરી આપવામાં આવશે કે નહીં? શું તેઓ ગુરુદ્વારા જઈ શકશે? માત્ર શીખોને જ નહીં, પરંતુ તમામ ધર્મના લોકોને આવી ચિંતા છે." ઉલ્લેખનીય છે કે તરવિંદર સિંહ મારવાહ બે વર્ષ પહેલા સુધી કોંગ્રેસમાં હતા.

જ્ઞાનવાપી મસ્જિદમાં

# એએસઆઈને પરિસરમાં ખોદકામની મંજૂરી આપવા હિન્દુ પક્ષની માંગણી

## ઉત્તરપ્રદેશના વારાણસી સ્થિત જ્ઞાનવાપી મસ્જિદ મામલામાં હિન્દુ પક્ષે બુધવારે કોર્ટ સમક્ષ એક મહત્વની માંગ કરી છે

**। (એજન્સી) વારાણસી,તા.૧૨ ।**

ઉત્તરપ્રદેશના વારાણસી સ્થિત જ્ઞાનવાપી મસ્જિદ મામલામાં હિન્દુ પક્ષે બુધવારે કોર્ટ સમક્ષ એક મહત્વની માંગ કરી છે. આ અંતર્ગત હિન્દુ પક્ષની માંગ છે કે 'ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ(એએસઆઈ)ને સર્વે માટે પરિસરમાં ખોદકામની મંજૂરી આપવામાં આવે.' આ અંગે એક વકીલે માહિતી આપતા કહ્યું કે, જજે જ્ઞાનવાપી પરિસરના બાકીના ભાગના એએસઆઈ સર્વેની વિનંતી સંબંધિત અરજી પર આગામી સુનાવણી ૧૮ સપ્ટેમ્બર નક્કી કરી છે. આ દરમિયાન મુસ્લિમ પક્ષના પ્રતિનિધિ કોર્ટમાં ઉપસ્થિત હતા, અને આશા રાખવામાં આવી રહી છે કે, એ આગામી સુનાવણી દરમિયાન આ મામલામાં પોતાનો પક્ષ રજૂ કરશે.

આ મામલામાં હિન્દુ પક્ષનું પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલ મદન મોહન યાદવે કહ્યું કે, સીનિયર ડિવીઝન ફાસ્ટ ટ્રેક કોર્ટના સિવિલ જજ જુગલ શંભુએ હિન્દુ પક્ષની દલીલો સાંભળ્યા પછી નવી તારીખ નક્કી કરી છે. હિન્દુ પક્ષે મામલામાં પોતાની દલીલ પૂરી કરી લીધી છે. અમે એએસઆઈને સર્વે માટે પરિસરમાં ખોદકામ કરવાની મંજૂરી આપવાની વિનંતી કરીએ છીએ. વકીલ યાદવે કહ્યું કે, હિન્દુ પક્ષે તર્ક આપ્યો છે કે જ્યોતિર્લિંગનું મૂળ સ્થાન જ્ઞાનવાપી પરિસરમાં સ્થિત કથિત મસ્જિદના ગુંબજની નીચે બરાબર વચ્ચેમાં છે. અડધાથી નિરંતર જળ પ્રવાહિત થતું રહે છે, જે જ્ઞાનવાપી કુંડમાં એકત્રિત થતું હતું. એવું માનવામાં આવે છે કે આ પાણી પીવાથી જ્ઞાન મળે છે. એટલા માટે આ તીર્થને 'જ્ઞાનોદય તીર્થ' પણ માનવામાં આવે છે.

ન્યૂઝ બ્રિફ

### આસામની પ્રખ્યાત અભિનેત્રીની પતિ સાથે ધરપકડ કરવામાં આવી

**। (એજન્સી) આસામ,તા.૧૨ ।**

આસામ STFએ ગુરુવારે એક મોટી કાર્યવાહી કરી છે. STFએ આસામની અભિનેત્રી, કોરિયોગ્રાફર અને સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર સુમી બોરા અને તેના પતિની શેર ટ્રેડિંગ કૌભાંડ કેસમાં ધરપકડ કરી છે. STFએ બંનેની ડિબ્રુગઢથી અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ, આ કૌભાંડ ૨૦૦૦ કરોડ રૂપિયાનું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપી કે, આસામ STFએ ઓનલાઈન શેર ટ્રેડિંગ કૌભાંડમાં વોન્ટેડ આસામી અભિનેત્રી સુમી બોરા અને તેના પતિ તાર્કિક બોરાની ધરપકડ કરી છે. STFએ બંનેને ડિબ્રુગઢથી ઝડપી લીધા છે. આ સમગ્ર કૌભાંડના મુખ્ય આરોપી ૨૨ વર્ષીય વિશાલ ફુકનની ધરપકડ બાદ સુમી બોરા, તેના પતિ અને અન્ય ચારને નોટિસ ફટકારવામાં આવી હતી. જોકે તે પોલીસ સમક્ષ હાજર થયાં નહીં. આ પછી આ તમામ સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી. તાજેતરમાં, અભિનેત્રી સુમી બોરાએ કેટલીક સ્થાનિક ટીવી ચેનલોને એક વીડિયો મેસેજ મોકલીને દાવો કર્યો હતો કે, તે આત્મસમર્પણ કરશે અને પોલીસને સંપૂર્ણ સહકાર આપશે.

### વરિષ્ઠ CPI(M) નેતા સીતારામ યેચુરીનું નિધન

**। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૨ ।**

ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી)ના વરિષ્ઠ નેતા અને મહાસચિવ સીતારામ યેચુરીનું ગુરુવારે અવસાન થયું. તેમણે ૭૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમને તાજેતરમાં AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૭૨ વર્ષીય CPI(M)ના નેતા સીતારામ યેચુરીને અગાઉ ૧૯ ઓગસ્ટે AIIMSમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાદમાં તેને ICUમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારથી તેમની સારવાર ચાલી રહી હતી. ગુરુવારે ફરી એકવાર તેમની તબિયત લથડી હતી. સીતારામ યેચુરી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના જનરલ સેક્રેટરી અને પાર્ટીના સંસદીય જૂથના નેતા હતા. તેમનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૫૨ના રોજ ચેન્નાઈમાં તેલુગુ ભાષી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમને ૨૦૧૬માં રાજ્યસભામાં શ્રેષ્ઠ સંસદસભ્યનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઈમરજન્સી દરમિયાન જેએનયુમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી તેઓ સતત ત્રણ વખત ત્નદ્રેં વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા. ૧૯૮૪માં તેમને CPI(M)ની સેન્ટ્રલ કમિટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. ૨૦૧૫માં તેઓ પાર્ટીના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા. યેચુરી ૨૦૦૫માં પશ્ચિમ બંગાળમાંથી રાજ્યસભા માટે ચૂંટાયા હતા. તેમણે ગૃહમાં અનેક મુદ્દા ઉઠાવ્યા. છેલ્લા ઘણા દિવસોથી તેમની તબિયત લથડી રહી હતી. તાજેતરમાં જ તેમની મોતિયાની સર્જરી કરી હતી. બાદમાં તેમને ફેફસાના ઈન્ફેક્શનને કારણે AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે.





# પેરિસ પેરાલિમ્પિકના ખેલાડીઓ સાથે પીએમ મોદીની મુલાકાત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળ્યા હતા. આ દરમિયાન વડાપ્રધાન મોદીએ રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના નિવાસસ્થાને પેરિસ પેરાલિમ્પિક્સમાં ભાગ લેનારા ખેલાડીઓને મળીને શાનદાર પ્રદર્શન માટે શુભેચ્છા પાઠવી હતી. ભારતને પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં કુલ ૨૯ મેડલ જીત્યા છે. સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેડલ વિજેતાઓ સાથે વાત કરતા પહેલા અભિનંદન આપતા જોવા મળે છે. આ દરમિયાન ખેલાડીઓએ વડાપ્રધાનને ખાસ વસ્તુઓ ભેટમાં આપી હતી. પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અવની લેખારાએ વડાપ્રધાન મોદીને સાઈન કરેલી ભારતીય જર્સી આપી હતી. પેરિસ પેરાલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓ સાથેની વાતચીત દરમિયાન રમતગમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય પેરાલિમ્પિક સમિતિના વડા દેવેન્દ્ર ઝાઝરિયા પણ હાજર હતા. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલમાં સુવર્ણ ચંદ્રક જીતનાર અવની લેખા અને કપિલ પરમાર સહિત અન્ય ખેલાડીઓ સાથે વડાપ્રધાન ફોટો પડાવ્યાં. આ દરમિયાન પરમારે પોતાના મેડલ પર વડાપ્રધાનની સહી પણ લીધી હતી.

ભારતની ૮૪ સભ્યોની ટુકડીએ પેરિસ ગેમ્સમાં ભાગ લીધો હતો, જેણે ત્રણ વર્ષ પહેલાં ટોક્યો ગેમ્સમાં હાંસલ કરેલા ૧૯ મેડલના પ્રદર્શન કરતા આ વખતે સારુ પ્રદર્શન જોવા મળ્યું છે. જેમાં ભારતે પહેલી વખત એથલેટિક્સની ટ્રેક સ્પર્ધામાં મેડલ જીતવા ઉપરાંત, તીરંદાજીમાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. આમ ભારતે પેરિસ પેરાલિમ્પિક ગેમ્સમાં સાત ગોલ્ડ, નવ સિલ્વર અને ૧૩ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા છે. પેરિસથી પરત ફર્યા બાદ ખેલાડીઓનું સરકાર દ્વારા સમ્માન કરવામાં આવી રહ્યું છે. જેમાં માંડવિયા દ્વારા ગોલ્ડ મેડલ વિજાતાને ૭૫ લાખ રૂપિયા, સિલ્વર મેડલ વિજેતાઓને ૫૦ લાખ રૂપિયા અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ૩૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. મિક્સ્ડ ટીમ ઈવેન્ટ્સમાં રાકેશ કુમાર સાથે કાંસ્ય પદ જીતનાર શીતલ દેવી સહિતના ખેલાડીઓને ૨૨.૫ લાખ રૂપિયાની રકમ અપાઈ છે.

સેમસંગ કંપનીની મુશ્કેલીઓ વધી

# ભારતમાં સેમસંગના ૨૦% કર્મીની છટણી કરવાની તૈયારી

**। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।**

સેમસંગ ભારતીય બજારમાં ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. તેના વેચાણમાં ઘટાડો થયો છે અને તે દસ વર્ષમાં તેની સૌથી નબળી સ્થિતિમાં છે. હવે તેની અસર સેમસંગના કર્મચારીઓ પર પડશે અને કંપનીએ છટણી કરવાનો નિર્ણય લીધો છે આ માહિતી સૂત્રો પાસેથી મળી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેલ્સ, માર્કેટિંગ અને ઓપરેશન્સમાં કર્મચારીઓને છટણીનો માર પડી શકે છે. એક સૂત્રએ તો એમ પણ કહ્યું કે ભારતમાં તેના ૨૦ ટકા જેટલા કર્મચારીઓને છૂટા કરવામાં આવી શકે છે. પ્રાપ્ત માહિતી મુજબ સેમસંગના સ્માર્ટફોન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સ બિઝનેસનું માળખું બદલાઈ રહ્યું છે. આ કારણે કંપનીના કેટલાક મુખ્ય અધિકારીઓ પણ વિદાય લઈ શકે છે. કંપનીએ અત્યારે ભરતી કરવાનું બંધ કરી દીધું છે અને એક્ઝિક્યુટિવ્સની ખાલી જગ્યાઓ પર ભરતી કરવામાં આવી રહી નથી. સૂત્રના જણાવ્યા અનુસાર, સેમસંગ ઓફ-રોલ કર્મચારીઓની સંખ્યામાં પણ ઘટાડો કરી શકે છે. આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ચેન્નાઈમાં સ્થિત કંપનીની મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીમાં કામદારો અનિશ્ચિત સમયની હડતાળ પર છે અને તેનો ત્રીજો દિવસ છે. આ હડતાળને કારણે તહેવારોની સિઝન પહેલા ટીવી, રેફ્રિજરેટર અને વોશિંગ મશીનના ઉત્પાદનને અસર થઈ રહી છે. સૂત્રના જણાવ્યા અનુસાર, સેમસંગના મેનેજમેન્ટે પરિસ્થિતિ અને પુનર્ગઠન અંગે ચર્ચા કરવા માટે ભારતીય ટીમને દક્ષિણ કોરિયા બોલાવી છે. ગયા વર્ષે, ડિસેમ્બર ૨૦૨૨ ક્વાર્ટરમાં Xiaomi ને પછાડીને સેમસંગ ફરી એકવાર ૨૦૨૩ માં ભારતની સૌથી મોટી સ્માર્ટફોન કંપની રહી. જોકે, માર્કેટ રિસર્ચ ફર્મ IDC, કાઉન્ટરપોઈન્ટ અને કેનાલિસના જણાવ્યા અનુસાર, સેમસંગ એપ્રિલ-જૂન ૨૦૨૪ ક્વાર્ટરમાં વોલ્યુમની દ્રષ્ટિએ ત્રીજા સ્થાને સરકી ગઈ છે. આ સમયગાળા દરમિયાન સેમસંગના સ્માર્ટફોન શિપમેન્ટમાં ૧૫.૪ ટકાનો ઘટાડો થયો હતો, તેનો સતત ત્રીજો ત્રિમાસિક ઘટાડો થયો હતો અને તેનો વોલ્યુમ માર્કેટ શેર ઘટીને ૧૨.૯ ટકા થયો હતો. આને કારણે, ફ્રઝ ડેટા અનુસાર ત્રિમાસિક ધોરણે મૂલ્ય બજાર હિસ્સો પણ ૨૩ ટકાથી ઘટીને ૧૬ ટકા થયો છે, જે એક વર્ષ અગાઉ ૨૧ ટકા હતો. Xiaomi અને Vivo જેવી બ્રાન્ડ્સની આક્રમક સ્પર્ધા અને ઑફલાઈન રિટેલર્સ સાથેના વિવાદો તેમજ કંપનીમાંથી મુખ્ય સેલ્સ અને માર્કેટિંગ એક્ઝિક્યુટિવ્સની વિદાયને કારણે સેમસંગની મુશ્કેલીઓ વધી ગઈ છે. છેલ્લા કેટલાક ત્રિમાસિક ગાળામાં, રિટેલ, માર્કેટિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટ ભૂમિકાઓમાં ૩૦ થી વધુ વરિષ્ઠ સેમસંગ એક્ઝિક્યુટિવ્સે કંપની છોડી દીધી છે, જેમાં ઘણા Xiaomi તરફ ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વધુ ઘણા અધિકારીઓ કંપની છોડી શકે છે.

# નકલી ઓળખ બનાવી દિલ્હીમાં રહેતો તિબેટિયન ઝડપાઈ ગયો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

STF ગૌતમ બુદ્ધ નગરની ટીમે દિલ્હીમાંથી એક તિબેટીયન નાગરિકની ધરપકડ કરી છે જેણે નકલી દસ્તાવેજો દ્વારા ભારતીય પાસપોર્ટ બનાવીને સાયબર છેતરપિંડી આચરી હતી. આરોપી નામ બદલીને ભારતમાં રહેતો હતો. તે આરોપીના ભારતીય પાસપોર્ટ દ્વારા વિદેશ જતો હતો. તેણે સાયબર ગુનેગારો સાથે મળીને કરોડોની સાયબર ફ્રોડ પણ કરી છે. બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને તેણે પોતાનું ભારતીય નામ બદલીને ચંદ્ર ઠાકુર કરી લીધું અને તે જ નામે પાસપોર્ટ પણ મેળવ્યો. STF અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૧ સપ્ટેમ્બરના રોજ આરોપી છિંજો થારચીન ઉર્ફે ચંદ્ર ઠાકુર ઉર્ફે તંજીમની દિલ્હીના દ્વારકામાં તેના ફ્લેટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. એસટીએફના જણાવ્યા અનુસાર, તેની પાસેથી એક પાસપોર્ટ, એક નકલી મતદાર આઈડી કાર્ડ, એક પાન કાર્ડ, એક આધાર કાર્ડ, બે એટીએમ કાર્ડ, એક કંબોડિયન સિમ કાર્ડ અને બે મોબાઈલ ફોન મળી આવ્યા છે. એસટીએફની ટીમે જણાવ્યું કે કેટલાક દિવસોથી તેને વિદેશી નાગરિકો દ્વારા નકલી દસ્તાવેજો દ્વારા ભારતીય નાગરિકતાના દસ્તાવેજો તૈયાર કરવા અને પાસપોર્ટ વગેરે બનાવવાની માહિતી મળી રહી હતી. STFએ દ્વારકામાં રહેતા ચંદ્ર ઠાકુરને પૂછપરછ માટે તેની ઓફિસમાં બોલાવ્યા હતા. સઘન પૂછપરછ દરમિયાન આરોપીઓ સામે સાયબર છેતરપિંડી માટે વિદેશી નાગરિકોને બેંક ખાતા પૂરા પાડવાના પુરાવા મળ્યા હતા. એસટીએફને આરોપી ચંદ્ર ઠાકુરે તિબેટીયન નાગરિક હોવાની ઓળખ છુપાવીને પશ્ચિમ બંગાળમાંથી નકલી દસ્તાવેજો તૈયાર કરીને નકલી પાસપોર્ટ બનાવ્યો હોવાના પુરાવા પણ મળ્યા હતા. આ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. જી્હ્ર અનુસાર, તે ૧૪ વર્ષની ઉંમરે તિબેટ ભાગી ગયો હતો. જ્યાંથી તે ૫૦-૬૦ લોકોના સમૂહ સાથે નેપાળ આવ્યો હતો અને લગભગ ૩ મહિના સુધી કાઠમંડુના રેફ્યુજી સેન્ટરમાં રહ્યો હતો. ત્યાંથી તેઓ દિલ્હીના બુદ્ધ વિહાર રેફ્યુજી સેન્ટર આવ્યા હતા. લગભગ એક મહિના પછી, તેણે હિમાચલ પ્રદેશની એક શાળામાં અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને ૩ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી, તે દિલ્હી ભાગી ગયો હતો છિંજો તરચીન ઉર્ફે ચંદ્ર ઠાકુરે ત્યારબાદ ધર્મશાલા અને દિલ્હીની વિવિધ રેસ્ટોરન્ટ્સમાં ૪ વર્ષ સુધી કામ કર્યું. આરોપી વર્ષ ૨૦૦૮માં મજનુ કા ટીલા (દિલ્હી)માં રહેવા લાગ્યો હતો. તે નેપાળથી ચાઈનીઝ ઈલેક્ટ્રોનિક સામાન લાવ્યો અને દિલ્હીના બજારમાં છૂપી રીતે વેચવા લાગ્યો. ધીમે ધીમે તેણે ચાઈનીઝ ભાષાનું પણ સારું જ્ઞાન મેળવ્યું. વર્ષ ૨૦૧૦-૧૧માં ફેસબુક પર એક મહિલા સાથે મિત્રતા કર્યા બાદ તે ગંગટોક (સિક્કિમ) આવ્યો હતો અને એક હોટલમાં રસોઈયા તરીકે કામ કરવા લાગ્યો હતો. અહીં તે દાર્જિલિંગમાં હોટલ ચલાવતા એક છોકરાને મળ્યો હતો.

# ઓઈલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના દર ઘટાડવા અંગે વિચાર કરી શકે છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવોમાં ઘટાડાની અસર ભારતીય બજારમાં ટૂંક સમયમાં જોવા મળી શકે છે. ઓઈલ સેક્રેટરી પંકજ જૈને કહ્યું કે જો લાંબા સમય સુધી સમગ્ર વિશ્વમાં ક્રૂડ ઓઈલની કિંમત નીચી રહેશે, તો ઓઈલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના દર ઘટાડવા અંગે વિચાર કરી શકે છે. ઉલ્લેખનીય છે, સરકાર ક્રૂડ ઓઈલ ઉત્પાદન વધારવા અને રશિયા જેવા સસ્તું ક્રૂડ વેચતા દેશો પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો પ્રયાસ વધારી રહી છે.

લગભગ બે વર્ષ પછી કંપનીઓ દ્વારા કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે દેશના લોકો માટે મોટી રાહત હશે. છેલ્લે એપ્રિલ ૨૦૨૨માં તેલના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયના સચિવ પંકજ જૈને કહ્યું કે જો લાંબા સમય સુધી ક્રૂડ ઓઈલની



કિંમત નીચી રહે છે તો ઓઈલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના દર ઘટાડવા અંગે વિચારી શકે છે.

છેલ્લા કેટલાક દિવસોમાં ક્રૂડ ઓઈલના ભાવ ત્રણ વર્ષના સૌથી નીચલા સ્તરે આવ્યા છે. જેના કારણે ઓઈલ કંપનીઓના નફામાં વધારો થયો છે. ભાવ ઘટવાથી નીચા દરે પેટ્રોલ અને ડીઝલના સપ્લાયનો માર્ગ મોકળો થઈ રહ્યો છે. બે દિવસ પહેલા, ૧૦ સપ્ટેમ્બરના રોજ, બ્રેન્ટ ક્રૂડ ડિસેમ્બર ૨૦૨૧ પછી પ્રથમ વખત બેરલ દીઠ ૭૦ ડોલરથી ઘટ્યો હતો, ગુરુવારે (૧૨ સપ્ટેમ્બર) બ્રેન્ટ ક્રૂડનો દર બેરલ દીઠ ૭૧.૪૯ ડોલર જોવા મળ્યો હતો. કિંમતોમાં ઘટાડાને કારણે રિટેલર્સ અને સરકારી ઓઈલ કંપનીઓના માર્જિનમાં વધારો થયો છે. સરકારી કંપનીઓ બજારમાં લગભગ ૯૦ ટકા હિસ્સો ધરાવે છે.

ગુરૂવારે વાયદાના વેપારમાં ક્રૂડ ઓઈલ રૂ. ૫૧ વધી રૂ. ૫,૭૦૯ પ્રતિ બેરલ થયું હતું. મજબૂત સ્પોટ ડિમાન્ડને પગલે સહભાગીઓએ તેમની સ્થિતિ વધારી છે. MCX પર, ઑક્ટોબર ડિલિવરી માટે ક્રૂડ ઓઈલ ૧૧,૩૦૬ લોટમાં રૂ. ૫૧ વધીને રૂ. ૫,૭૦૯ પ્રતિ બેરલ પર ટ્રેડ થયું હતું. વૈશ્વિક સ્તરે, ન્યુ યોર્કમાં, ક્રૂડ ઓઈલ ૧.૨૬ ટકા વધીને US $ 68.16 પ્રતિ બેરલ અને બ્રેન્ટ ક્રૂડ ૧.૩૨ ટકા વધીને US $ 71.54 પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું હતું.

## તંત્રી લેખ...

# ટ્રમ્પ-કમલા ચર્ચાનો પહેલો ટ્રેન્ડ

અમેરિકામાં નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટ ઉમેદવાર કમલા હેરિસ આ અંગે સતત પ્રચાર કરી રહ્યા છે. બુધવારે બંને વચ્ચે બોલાચાલી પણ થઈ હતી. આ દરમિયાન બંનેએ એકબીજા પર અનેક આરોપો લગાવ્યા હતા. પરંતુ આ ચર્ચા બાદ કમલા હેરિસ માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. પ્રખ્યાત પોપ સિંગર ટેલર સ્વિફ્ટે કમલા હેરિસનું સમર્થન કર્યું છે. , ટેલર સ્વિફ્ટે એક ઈન્સ્ટા પોસ્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે તેણે કમલાને સમર્થન આપવાનું વિચાર્યું કારણ કે તે 'હું માનું છું તે અધિકારો માટે લડે છે.'ટેલર સ્વિફ્ટે તેની ઈન્સ્ટા પોસ્ટમાં લખ્યું, 'તમારામાંથી ઘણાની જેમ મેં પણ આજની રાતે ચર્ચા જોઈ. જો તમારી પાસે પહેલાથી નથી, તો આ ઉમેદવારોના વલણ વિશે જાણવા માટે આ શ્રેષ્ઠ સમય છે. હું ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કમલા હેરિસ અને ટિમ વાલ્ઝને મારો મત આપીશ. હું હેરિસને મત આપી રહ્યો છું કારણ કે તે અધિકારો માટે લડે છે. મને લાગે છે કે તે એક સ્થિર, પ્રતિભાશાળી નેતા છે અને હું માનું છું કે જો આપણે અરાજકતાને બદલે શાંતિથી આગળ વધીએ તો આપણે આ દેશમાં ઘણું બધું કરી શકીશું. દાયકાઓથી LGBTQ+ અધિકારો, IVF અને પોતાના શરીર પર મહિલાના અધિકાર માટે લડતા તેમના સાથીદાર ટિમ વોલ્ઝની ચૂંટણીથી પણ હું ખૂબ જ ખુશ છું.ટેલરે લખ્યું, 'તાજેતરમાં મને ખબર પડી કે ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થક તરીકે મારું નામ જોડવામાં આવ્યું છે. જે સંપૂર્ણપણે નકલી હતો. આનાથી ખરેખર AI વિશેના મારા ડર અને ખોટી માહિતી ફેલાવવાના જોખમો જાગૃત થયા. આનાથી હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો કે એક મતદાર તરીકે મારે આ ચૂંટણી માટે મારી વાસ્તવિક વિચારસરણી વિશે ખૂબ જ પારદર્શક રહેવાની જરૂર છે. ખોટી માહિતીનો સામનો કરવાનો સૌથી સહેલો રસ્તો સત્ય છે.ટેલર સ્વિફ્ટની લોકપ્રિયતા કોઈનાથી છુપી નથી. ફોર્બ્સની યાદી અનુસાર, તે વિશ્વની પાંચમી સૌથી પ્રભાવશાળી મહિલા છે. અમેરિકામાં પણ તેની સારી ફેન ફોલોઈંગ છે.

# મમતા બેનર્જીનો પીડિત યુવતીનો પક્ષ લેવાને બદલે સતત બચવાની કોશિશ

દેશમાં ટ્રેનોને પાટા પરથી ઉતારી દઈને નિર્દોષોના જીવ લેવાના એક મોટા ષડયંત્રને કોઈ આતંકી મોડ્યુલની જેમ વારંવાર રિહર્સલ કરીને અંજામ આપવાની કોશિશ કરવામાં આવી રહી છે. કોણ છે આ દેશના છૂપા ગદ્દાર જેઓ કોઈ કટ્ટરવાદી માનસિકતા અથવા પૈસા માટે દેશની રેલવેને વારંવાર ઉથલાવી દેવાનો ખૂની ખેલ રચવા તત્પર છે? ભારતીય રેલવે દુનિયાનું સૌથી મોટું રેલવે નેટવર્ક છે. દુનિયાના કેટલાય દેશોની કુલ આબાદી જેટલી સંખ્યામાં લોકો રેલવેમાં દરેક સમયે સફર કરી રહ્યા હોય છે. અસલમાં ભારતીય રેલવેથી દરરોજ એક લાખ કિમીથી વધુ ફેલાયેલ દેશવ્યાપી ટ્રેક નેટવર્ક પર લગભગ અઢી કરોડ યાત્રીઓને પોતાના ગંતવ્ય સ્થાન પર પહોંચાડે છે. તાજેતરમાં દેશમાં રેલવે દુર્ઘટનાઓનો સિલસિલો અટકવાનું નામ નથી લેતો અને મોટાભાગની દુર્ઘટનાઓ ટ્રેન પાટા પરથી ખડી પડવાને કારણે થઈ રહી છે. આંકડા અનુસાર દેશમાં છેલ્લા ૧૪ મહિનામાં ચાર મોટી રેલવે દુર્ઘટનાઓ થઈ છે, જેમાં ૩૨૦થી વધુ યાત્રીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. રેલવેને પાટા પરથી ઉતારી પાડવા પાછળ અસામાજિક તત્ત્વોના કાવતરાની આશંકા વ્યક્ત કરાઈ રહી હતી, પરંતુ હાલની દુર્ઘટનાઓમાં તો તેના બોલતા પુરાવા મળ્યા છે. કાનપુર મંડલમાં ગત ૨૪ દિવસમાં ત્રીજી વખત ટ્રેનને દુર્ઘટનાગ્રસ્ત કરવાની કોશિશ થઈ છે. ગનીમત રહ્યું કે ત્રણેય કાવતરામાં ટ્રેન સંચાલન તો બાધિત થયું પરંતુ કોઈમાં જાનહાનિ ન થઈ. ત્રણમાંથી બે કાવતરાં કાનપુર-કાસગંજ રેલમાર્ગ પર તો એક કાવતરું કાનપુર-ઝાંસી રેલમાર્ગ પર રચવામાં આવ્યું. દેશભરમાં ટ્રેનોને પાટા પરથી ઉતારીને હજારો રેલવે યાત્રીઓની જિંદગી સાથે રમત કરવાની આતંકી કોશિશ થઈ રહી છે. એકાએક કેટલાક મહિનાની અંદર જ આવી અનેક દુર્ઘટનાઓની સંખ્યા વધી જવી ચિંતાજનક છે. શરૂઆતમાં આ દુર્ઘટનાઓને સામાન્ય ગણવામાં આવતી, પરંતુ ત્યારબાદ દેશના કેટલાય હિસ્સામાં જે રીતે ટ્રેનો પાટા પરથી ઉતરવાની ઘટનાઓની લાઈન લાગી તેણે સ્પષ્ટ કરી દીધું કે આ દુર્ઘટનાઓ પાછળ એક સુનિયોજિત ષડયંત્ર કામ કરી રહ્યું છે. ઝાંસી રેલમાર્ગ પર એક મોટા પથ્થરને ટ્રેક પર બાંધીને સાબરમતી એક્સપ્રેસને ઉથલાવવાની તપાસ ઠોસ પરિણામ સુધી નથી પહોંચી શકી. હાલમાં જ કાનપુર-બિલ્હોર વચ્ચે કાલિંદી એક્સપ્રેસ સામે ભરેલું ગેસ સિલિન્ડર મૂકીને તેને ઉડાવવાની કોશિશ કરવામાં આવી. પૂર્વોત્તર રેલવેએ ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. આ પહેલાં પણ બે વાર આ પ્રકારની ઘટનાઓને અંજામ આપવાનાં ષડયંત્ર કરાયાં હતાં. તેમાંથી એક, સાબરમતી એક્સપ્રેસના ૨૨ ડબ્બા ટ્રેક પરથી ઉતરી ગયા. સાબરમતી એક્સપ્રેસ ટ્રેક સાથે બાંધેલા એક મોટા પથ્થર સાથે ટકરાઈ હતી. તપાસમાં ખબર પડી છે કે ૧.૧૦ મીટર મોટો પથ્થર રેલમાર્ગ પર બાંધી દેવામાં આવ્યો હતો. ઘટના સ્થળેથી એ ટુકડો પણ મળી આવ્યો છે. બીજી ઘટના ફ઼ુરૂખાબાદ-કાસગંજ પેસેન્જર ટ્રેન આગળ લાકડાંની ભારી મૂકી દેવામાં આવી હતી. ટ્રેનની સ્પીડ વધારે હોવાને કારણે દુર્ઘટના ટળી ગઈ હતી. હવે આ ત્રીજી ઘટના છે જેમાં સિલિન્ડર, પેટ્રોલ બોમ્બ મૂકીને ટ્રેન ઉથલાવવાની કોશિશ કરવામાં આવી. ડ્રાઈવરની સમયસૂચકતાથી કેટલાય પેસેન્જરના જીવ બચી ગયા. ત્રણેય ઘટનાઓ રેલવે ટ્રેક સાથે જોડાયેલી છે. રેલવેની ગુપ્તચર એજન્સીઓનું કહેવું છે કે લાગે છે કે આ કાવતરું છે. એક અધિકારીના કહ્યા પ્રમાણે કાલિંદી એક્સપ્રેસ સિલિન્ડર સાથે ટકરાવવાનો મેમો ચાલક રાજકિશોરે આપ્યો છે. તેની આરપીએફ ટીમ તપાસ કરી રહી છે. સચ્ચાઈનો જલ્દી ખુલાસો થશે. શિવરાજપુરના મુંઢેરી ક્રોસિંગ પાસે કાલિંદી એક્સપ્રેસ સાથે સિલિન્ડર ટકરાવાની ઘટના બાદ બે કોલ્ડ સ્ટોરેજ, ભોજનાલય અને પેટ્રોલ પંપ સહિત અન્ય પ્રતિષ્ઠાન તપાસના દાયરામાં આવી ગયા છે. પોલીસ અને અન્ય એજન્સીઓની ટીમ આ સ્થળોના લોકો સાથે સંપર્ક કરીને ત્યાંથી સીસીટીવી ફૂટેજ લેવાનો પ્રયાસ કરી રહી છે. ઘટના સ્થળના દાયરામાં બે કોલ્ડ સ્ટોરેજ, એક ભોજનાલય, પેટ્રોલ પંપ અને એક મેંદા મીલ છે. ફાયર સ્ટેશન ક્રોસિંગ પાસે જ બનેલું છે. પોલીસ અધિકારીઓ અને ગુપ્તચર એજન્સીઓના લોકોએ સરકારી સંસ્થાઓ ઉપરાંત કોલ્ડ સ્ટોરેજ, મેંદા મીલ અને ભોજનાલય સંચાલકનો સંપર્ક કર્યો છે. પોલીસને તપાસ દરમ્યાન બે સીસી ટીવી હોવાની જાણકારી મળી છે.

---

**જે માણસ આ બાર નામોનો પ્રાતઃકાળે, મધ્યાહનકાળે અને સાયંકાળે જપ કરે છે તેને વિઘ્નનો ભય રહેતો નથી**

# ચાલો જાણીએ, સંકટ ચોથના દિવસે ગણેશ પૂજા સાથે ચંદ્ર દર્શનનું શું કામ મહત્વ છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભાદરવા સુદ ચોથના દિવસે ગણેશ સ્થાપનાનું મહત્વ છે, એ જ રીતે ચંદ્ર દર્શનની મનાઈ છે, પણ વદ ચોથનું પાછું સંકટ ચોથના નામે ખૂબ મહત્વ છે, તેમજ સુદ બીજે ચંદ્ર દર્શનનું ખૂબ મહત્વ છે! આવું શું કામ? એક પૌરાણિક કથા અનુસાર પરમપિતા બ્રહ્મા સ્વયં મહર્ષિ વેદ વ્યાસ આગળ શ્રી ગણેશની મહત્તાનું વર્ણન કરતી એક કથા કહે છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભગવાન ગણેશના શુદ્ધ સ્વરૂપ તરીકે આપણે વિવેકને સ્વીકારીએ છીએ. આ ઉપરાંત એ ગણપતિ એકદંતાય, વિનાયક, વિઘ્ન હર્તા, વક્ર તુંડ, લંબોદર, ગજાનન, જેવા નામથી ઓળખાય છે. ભારતભરમાં એનાં ઘણાં પ્રસિદ્ધ મંદિર છે, અને હવે તો દરેક શેરી મહોલ્લામાં ગણપતિની સ્થાપના કરવામાં આવે છે, પણ મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ બહુ મોટાં પાયે થાય છે. પૂણેમાં અષ્ટ વિનાયક ના આઠ મંદિર પણ છે, અને જેના દર્શનને ચારધામ જેટલું મહત્વ આપવામાં આવ્યું છે. ગણેશજી ને બે પત્ની રિદ્ધિ સિદ્ધિ છે! અને આથી લોકો રિદ્ધિ સિદ્ધિ માટે પણ ગણેશજીનું પૂજન અર્ચન કરે છે.

★ સંકટનાશન સ્તુતિ ★

**દ્વાદશૈતાનિ નામાનિ ત્રિસંધ્યં યઃ પઠેન્નરઃ**
**ન ચ વિઘ્નભયં તસ્ય સર્વસિદ્ધિકરઃ પ્રભુઃ**

જે માણસ આ બાર નામોનો પ્રાતઃકાળે, મધ્યાહનકાળે અને સાયંકાળે જપ કરે છે તેને વિઘ્નનો ભય રહેતો નથી અને દરેક કાર્યમાં તેને સિદ્ધિ મળે છે.

**વિદ્યાર્થી લભતે વિદ્યાં ધનાર્થી લભતે ધનમ્ ,**
**પુત્રાર્થી લભતે પુત્રાન્મોક્ષાર્થી લભતે ગતિ.**

વિદ્યાર્થી પાઠ કરે તો વિદ્યાને મેળવે, ધનની ઈચ્છાવાળો પાઠ કરે તો ધનને મેળવે, પુત્રની ઈચ્છાવાળો પાઠ કરે તો પુત્ર-સંતાન મેળવે, અંતે મોક્ષની ઈચ્છાવાળો પાઠ કરે તો ગતિ મોક્ષને મેળવે છે.

**જપેદ્‌ગણપતિસ્તોત્રં ષડ્ભિર્માસૈઃ ફલં લભેત્,**
**સંવત્સરેણ સિદ્ધિં ચ લભતે નાત્ર સંશયઃ**

જે માણસ આ ગણપતિ સ્તોત્રનો પાઠ કરે છે, તેને આ સ્તોત્રનો પ્રારંભ પછી છઠ્ઠે માસે ફળ મળે છે, અને એક વર્ષે સંપૂર્ણ સિદ્ધિને એ માણસ મેળવે છે એમાં સંશય નથી. પરંતુ આ પાઠની શરૂઆત કર્યા પછી એક પણ દિવસ વચમાં ગાળો પડે નહિ એનું ખાસ ધ્યાન રાખવું.

**અષ્ટેભ્યો બ્રાહ્મણેભ્યશ્ચ લિખિત્વા યઃ સમર્પયેત્**
**તસ્ય વિદ્યા ભવેત્સર્વા ગણેશસ્ય પ્રસાદતઃ**

જે માણસ આઠ બ્રાહ્મણને આ સ્તોત્ર લખીને આપે છે, એને ગણેશની કૃપાથી સર્વ વિદ્યા પ્રાપ્ત થાય છે.

**ઇતિ શ્રીનારદપુરાણે સંકટનાશનં ગણેશસ્તોત્રં સંપૂર્ણમ્.**

ભાદરવા સુદ ચોથના દિવસે ગણેશ સ્થાપનાનું મહત્વ છે, એ જ રીતે ચંદ્ર દર્શનની મનાઈ છે. પણ વદ ચોથનું પાછું સંકટ ચોથના નામે ખૂબ મહત્વ છે, તેમજ સુદ બીજે ચંદ્ર દર્શનનું ખૂબ મહત્વ છે! આવું શું કામ? એક પૌરાણિક કથા અનુસાર પરમપિતા બ્રહ્મા સ્વયં મહર્ષિ વેદ વ્યાસ આગળ શ્રીગણેશની મહત્તાનું વર્ણન કરતી એક કથા કહે છે. બ્રહ્મા કહે છે કે એક દિવસ હું



ભગવાન શંકરના દર્શન કરવાં કૈલાસ પર્વત પર ગયો હતો. એ જ વખતે નારદજી પણ ત્યાં આવ્યાં હતાં. નારદે એક અપૂર્વ ફળ ભગવાન શંકરને અર્પણ કર્યું. શંકરની નજીકમાં જ કાર્તિકેય અને ગજાનન બંને બેઠાં હતાં. એ ફળ જોઈ બંને જણાં ઝઘડાં માંડ્યા. ભગવાન શંકર પણ વિચારમાં પડી ગયાં કે આ ફળ કોને આપવું ?'' તેમણે મને પૂછ્યું કે, ''આ ફળ કોને આપવું ?'' એ વખતે મારી બાજુમાં કાર્તિકેય બેઠાં હતાં, તેમને આપવાનું મેં ભગવાન શંકરને કહ્યું.'' ભગવાન શંકરે મારાં કહેવાથી ફળ કાર્તિકેયને આપ્યું,એટલે ગણપતિ મારાં ઉપર ગુસ્સે થઈ ગયાં. પછી હું બ્રહ્મલોકમાં આવ્યો અને મારા નિત્યક્રમ મુજબ સૃષ્ટિની રચના કરવામાં વ્યસ્ત બન્યો. એ જ વખતે ગણપતિએ ઉગ્ર સ્વરુપ ધારણ કરી મને ડરાવ્યો. મને ડરેલો જોઈ ચંદ્ર ઘણાં જ આનંદમાં આવી ગયા. ગણપતિનું અતિવિશાળ અને ઉગ્ર રૂપ જોઈ ચંદ્રએ ભગવાન ગણેશની મશ્કરી કરીને અટ્ટહાસ્ય કર્યું. આ જોઈ ગણપતિજી અતિ ક્રોધિત થઈને ચંદ્રને શ્રાપ આપતાં કહ્યું કે, ''જે અજાણતા પણ તારું દર્શન કરશે તે મહાપાપી થશે.'' ચંદ્રદેવના અપરાધ પર ક્રોધિત થઈ ગણેશજીએ તેને ભયંકર શ્રાપ દીધો કે.

**આદર્શનિય સ્ત્રઈલોક્યા મદવાક્યાત્વં ભવિષ્યસિ**
**કદાચિત્કેન દ્રષ્ટઃ સ મહાપાતકવાન્ ભવેત.**

''હે ચંદ્ર ! હવે તું મારા શ્રાપથી ત્રિલોકમાં કોઈને દર્શન કરવા યોગ્ય નહીં રહે. જો કોઈ કદાચ તને જોશે તો એ મહાપાપી થશે.'' એમ કહીને ગણપતિજી ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા. ચંદ્ર શ્રીહિન અને મલિન થઈ ગયો અને અત્યંત દુઃખી થઈ મનમાં કહેવા લાગ્યો '' મેં સર્વેશ્વર ભગવાન ગજાનન પ્રત્યે દુરાચરણ કર્યું છે, એટલે જ હું બધા લોકો માટે અદર્શનીય, વર્ણહિન અને મલિન થઈ ગયો છું. હવે હું ફરીથી ક્યારે મારી કળાઓને ધારણ કરીશ ? ક્યારે હું સુંદર અને સુખદ થઈશ? ચંદ્રનાં શોકથી અને મલિનતાથી દેવો પણ દુઃખી થયાં અને ઈન્દ્રાદિ દેવોએ ભગવાન ગણેશ પાસે પહોંચીને એમની ભક્તિ પૂર્વક સ્તુતિ કરી. ભગવાન ગણેશ એમની સ્તુતિથી પ્રસન્ન થયાં અને એમને વરદાન માંગવાનું કહ્યું. દેવતાઓએ કહ્યું, ''આપ ચંદ્રમા પર અનુગ્રહ કરો. એ જ અમારી પ્રાર્થના છે.દેવતાઓએ વારંવાર સ્તુતિ કરી તેથી ભગવાન ગણેશે કહ્યું, હે દેવો ! હું મારું વચન કેમ કરીને મિથ્યા કરું ? પરંતુ શરણે આવેલાનો ત્યાગ પણ સંભવ નથી ! સુમેરુ પોતાના સ્થાનથી ચલિત થાય, સૂર્યનું પતન થાય, અગ્નિ શીતળ થઈ જાય, અને સાગર પોતાની મર્યાદા છોડી દે પણ મારું વચન મિથ્યા થશે નહીં. હવે હું છેલ્લો અનુગ્રહ કરું છું.

**ભાદ્રશુક્લચતુર્થયામ યો જ્ઞાનતોડજ્ઞાનતોડપિ,**
**અભીશાપિ ભવેચ્ચંદ્રદર્શનાદ્ ભૃશદુઃખભાક્ કેગ.**

જે મનુષ્ય જાણતાં અથવા અજાણતાં ભાદરવાની ચતુર્થીએ ચન્દ્રનું દર્શન કરશે તે અભિશાપ પામશે એટલે કે કલંકિત થશે અને તે વ્યક્તિને અધિક દુઃખ ભોગવવું પડશે. આમ શ્રીગણેશે ચંદ્રદેવના શ્રાપને હળવો કરી એક દિવસ પૂરતો સિમીત કરી દીધો. ભગવાન ગજાનનની અનુકંપાથી સર્વે દેવો કૃતકૃત્ય થયા અને એમણે સાષ્ટાંગ પ્રણામ કરી પુષ્પ વૃષ્ટિ કરી. એ પછી સૌએ ચંદ્રને એના અપરાધ માટે દોષ આપ્યો અને ગણપતિને પ્રસન્ન કરવા ચંદ્રને તપ કરવાનું અને એકાક્ષર મંત્રનો જાપ કરવાનું દેવોએ કહ્યું. ત્યારપછી ચંદ્ર ગંગાના દક્ષિણતટ પર એકાગ્રચિત્તથી અને શુદ્ધ અંતઃકરણથી ભગવાન ગણેશના એકાક્ષર મંત્રનો જાપ કરે છે. એની ઉગ્ર તપશ્ચર્યાથી ભગવાન ગણેશ પ્રસન્ન થયા અને કહ્યું, ''હે ચંદ્ર ! તને તારું પૂર્વનું સુંદર રૂપ પ્રાપ્ત થશે, પરંતુ ભાદ્રપદ શુક્લ ચતુર્થીએ જે તને જોશે એ વ્યક્તિ તો નિશ્ચિત રીતે અભિશાપ પામશે. એટલે એ દિવસે તો તું અદર્શનિય રહીશ. પરંતુ કૃષ્ણ પક્ષની ચતુર્થીએ જ્યારે લોકો મારું વ્રત કરશે ત્યારે પહેલાં તારું દર્શન દરેકે કરવું જ પડશે. એમાં તારો ઉદય થયા પછી તારી અને મારી સૌએ પૂજા કરવી જ પડશે. અન્યથા વ્રતનું ફળ મળશે નહીં. તારી એક કળા પણ મારા લલાટમાં સ્થિર થશે. વરદાન મળવાથી ચંદ્રની મલિનતા નષ્ટ થઈ ગઈ, અને એ પૂર્વવત્ સુંદર, શ્રીયુક્ત અને વંદન કરવા યોગ્ય બની ગયો. ચંદ્રે કૃતકૃત્ય થઈ ભગવાન ગજાનનની મૂર્તિની સ્થપના કરી. એ મૂર્તિના મસ્તક પર ચંદ્રકલા હોવાથી એનું નામ 'ભાલચંદ્ર' એવું રાખવામાં આવ્યું અને એ સ્થળને 'સિદ્ધક્ષેત્ર' એવું નામ આપવામાં આવ્યું. આમ ચંદ્રનો ભગવાન ગણેશે ઉદ્ધાર કર્યો. આમ કઠોર થી કોમળ બંને ભાવ ધરાવતાં ભગવાન ગણેશ આપણી કોઈ કલાને પોતાના ભાલમાં સ્થાન આપે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**ભકિત વિનાના જ્ઞાનની શોભાનથી જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી ને મરણને સુધારવાને બદલે મરણને બગાડે એવો સંભવ છે**


# મન ઉપર વિશ્વાસ નહીં અંકુશ રાખો, આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે, જે દિવસે મન શુદ્ધ છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અંતકાળે આવું જ્ઞાન દગો આપે, મરણને સુધારે છે કેવળ ભક્તિ, ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે, વિધિ નિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ પણ ભગવાનના અનંત કલ્યાણ મય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા, જ્ઞાનીને અભિમાન પજવે છે.**

ભક્તિ શક્તિ આસ્થા શ્રધ્ધા જ માનવીને દિવ્ય જયોત તરફ લઈ જાય છે. ભારતીય સંસ્કૃતિએ એવું નિર્માણ કર્યું છે કે માનવીએ પ્રમાણે જીવનજીવવા માટે પ્રયત્ન કરે તો તે ક્યારેય દુઃખી ન થાય. ભકિત વિનાના જ્ઞાનની શોભાનથી જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી ને મરણને સુધારવાને બદલે મરણને બગાડે એવો સંભવ છે. અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે.વિધિ નિષેધ ની મર્યાદાથી પર બનેલા મોટા- મોટા ઋષિઓ- મહર્ષિઓ પણ ભગવાનના અનંત કલ્યાણ મય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા. જ્ઞાનીને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદ્‌ગુણોને લાવે છે.ભક્તિ સર્વ ગુણોની જનની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે. જે કથા પાપ છોડાવે અને જાગૃત કરે તે સાચી ભાગવત કથા. માટે ફરી ફરી કહું છું કે,ભગવાનની કથા અને ભગવાનના સ્મરણથી હૃદય ને આર્દ્ર બનાવો.તેના મંગલમય નામનો જપ કરો. આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે. વિષયોનું બંધન મનુષ્ય છોડે, તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે. સંયમ અને સદાચારને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિ માં આનંદ આવશે. આચાર-વિચાર શુદ્ધ હશે,ત્યાં ભક્તિને પુષ્ટિ મળશે.જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે. ભાગવત શાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે, મનુષ્યને સાવધાન કરે છે.કાળના મુખમાંથી છૂટવા કાળ ના પણ કાળ શ્રીકૃષ્ણને શરણે જાવ. જે સર્વસ્વ ભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે. પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છે કે, આવતીકાલે હું



અર્જુનને મારીશ અથવા હું મરીશ આથી બધા ગભરાયા.કારણ ભીષ્મ પ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા. શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી રાત્રે નિદ્રા ન આવી અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે. તેમણે અર્જુનને જગાડી ને પૂછ્યું, તેં ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળી. અર્જુન કહે.હા સાંભળી શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી, ચિંતા નથી?અર્જુન કહે,મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું.તે મારી ચિંતાકરશે હું શા માટે ચિંતા કરું? અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો. મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વર ને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી. પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદભાવ જાગતો નથી. સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં.સંત થશો તો સંત મળી આવશે. કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છે કે,જેના દર્શનથી શ્રી કૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણકથા પાછળ તેઓ પાગલ બની હતી.એનું નામ સંતદર્શન. એવા સંતો જગતમાં છે. સદગુરુનો અભાવ નથી પણ સશિષ્યનો અભાવ છે. જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંત પુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છે ત્યારે તેને સંત મળે છે.જેની આંખમાં ઈશ્વર છે તે સર્વમાં ઈશ્વરનો અનુભવ કરે છે. આ જગતમાં નિર્દોષ એક પરમાત્મા છે. સંતોમાં પણ એકાદ દોષ રહેલો હશે. આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણદોષથી ભરેલી છે. જગતમાં સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે. દૃષ્ટિને એવી ગુણમય બનાવજો કે, કોઈના દોષ દેખાય નહીં. તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે. માટે જ્ઞાનદૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મમય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે. સતત દીનતા આવે એ જરૂરનું છે.મા બાળકને શણગારી બીજા લોકો ની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે તેમ કદાચ ઈશ્વર પણ સંતોમાં તે ભક્તોમાં એકાદ દોષ રાખતો હશે. મનુષ્યમાં કોઈ દોષ ન રહે તો તેના મનમાં અભિમાન આવી જાય. માટે કોઈના દોષ જોશો નહીં. કોઈના પાપનો વિચાર કરશો નહીં કે વાણીથી તેનો ઉચ્ચાર કરશો નહીં. ઘર છોડવાથી સંત થવાય છે એવું નથી. ઘરમાં રહીને સંત થઈ શકાય છે. ઘરમાં રહીને ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે. તુકારામ મહારાજ, એકનાથ, ગોપીઓ વગેરેએ ઘરમાં રહીને પ્રભુને પ્રાપ્ત કર્યા છે. ભગવાં કપડાં પહેરવાથી સંત થવાતું નથી.પરીક્ષિત રાજા એ મનને સુધાર્યું એટલે તેને શુક દેવજી મળ્યા. માનવ જીવનનું લક્ષ્ય શું? પરમાત્મા પરમાત્માનું દર્શન મિલન. સંસારમાં જે આ લક્ષ્યને યાદ રાખે તે સંત. પ્રતિક્ષણે જે સાવધાન તે સંત. જેણે પોતાનું મન સુધાર્યું એ સંત છે. મનને સુધારશો તો તમે સંત થશો. મનને સુધારવાની જરૂર છે. જગત બગડ્યું નથી, આપણું મન બગડ્યું છે. મન ઉપર વિશ્વાસ ન રાખશો. મન ઉપર અંકુશ રાખો. આત્મા એ મનનો સાક્ષી છે, દૃષ્ટા છે. જે દિવસે મન શુદ્ધ છે, એવી સાક્ષી આત્મા આપે તે દિવસ માનજો કે તમે સંત છો. મૃત્યુના સ્મરણથી મન સુધરે છે. મૃત્યુના વિસ્મરણથી મન બગડે છે. વાચક ચાહક મિત્રો આપણે મન શુદ્ધિકરણ માટે સારું વાંચન થાય તેવા પ્રયત્નો કરવા છે. અને આ લેખમાળાનો ઉદ્દેશ કોઈ જાતની પ્રસિદ્ધિ માટે નથી પણ એક નવી ચેતના જગાડવા નાની ચીનગારી રૂપે છે ક્યાંક પ્રિન્ટ કે અન્ય કોઈ જાતની ભૂલ ધ્યાને આવે તો સુધારી વાંચવી. ગઈકાલના લેખમાં શરત ચૂકથી ભાદરવા સુદ નુમને બદલે અગિયાર લખાયેલ જેને સુધારશો. સૌનું કલ્યાણ થાય તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### દીપિકાએ મુંબઈની હોસ્પિટલમાં દિકરીને જન્મ આપ્યો હતો

# મુકેશ અંબાણીએ હોસ્પિટલમાં દીપિકાની મુલાકાત લીધી



### આજે પણ સુપરસ્ટાર શાહરૂખ વિશે ઘણી એવી વાતો છે જે ઘણા લોકો નથી જાણતા

રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ રવિવારે એક દિકરીના માતા-પિતા બન્યા છે. રણવીર સિંહને પોતાને એક દીપિકા જેવી દિકરી હોય તેવી ઈચ્છા હતી તે પુરી થઈ છે, તેથી તે બંને હાલ આ ખુશીના માહોલમાં છે. દીપિકાએ મુંબઈની એચએન રિલાયન્સ હોસ્પિટલમાં દિકરીને જન્મ આપ્યો હતો, જે મુકેશ અને નીતા અંબાણીની હોસ્પિટલ છે. રણવીર અને દીપિકાને અંબાણી પરિવાર સાથે કેટલો ઘનિષ્ઠ નાતો છે તે તો બધાં અંનત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં જોયું છે. બધા જ પ્રસંગોમાં રણવીર હાજર રહીને સ્ટેજ પર નાચતો પણ જોવા મળ્યો હતો અને પ્રેગનન્સીની સ્થિતિમાં પણ દીપિકાએ બધા પ્રસંગોમાં હાજરી આપી હતી. ત્યારે હવે મુકેશ અંબાણીએ દવાખાનામાં રણવીર અને દીપિકાની મુલાકાત લીધી હતી. ભારે સુરક્ષાના કાફલા સાથે મુકેશ અંબાણીની ગાડી હોસ્પિટલ પહોંચેલી જોવા મળી હતી. સોમવારે રણવીરની બહેન રિતિકા ભાવનાની પણ કપલને હોસ્પિટલમાં મળવા પહોંચી હતી. દીપિકા અને રણવીરે દિકરાના જન્મ અંગે પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા જાણ કરી હતી, જોકે, હજુ તેમણે પોતાની દિકરીનું નામ જાહેર કર્યું નથી. તેમજ હજુ દીપિકા કેટલાંક દિવસો સુધી હોસ્પિટલમાં જ રહેશે તેવા પણ અહેવાલો છે. રણવીરે પણ કામમાંથી હમણા પેટરનિટી બ્રેક લીધો છે. દીપિકા અને રણવીર બંને હવે દીવાળી પર રિલીઝ થનારી ફિલ્મ ‘સિંઘમ અગેઈન’માં જોવા મળશે. જેમાં તેમની સાથે અજય દેવગન, અક્ષય કુમાર, અર્જુન કપૂર, કરીના કપૂર ખાન અને ટાઈગર શ્રોફ પણ છે. રણવીર આ બ્રેક બાદ ‘ડોનડ’નું કામ શરૂ કરશે આ ઉપરાંત તે આદિત્ય ધરની આગામી ફિલ્મમાં સંજય દત્ત, અક્ષય ખન્ના અને અર્જુન રામપાલ સાથે કામ કરી રહ્યો છે.

# ગણેશોત્સવમાં અનેક બ્રોકેડ સાડીમાંથી બનેલા ચણિયાચોળી સાથે વટ પાડ્યો

### વર્ષોથી એકઠી કરેલી બ્રોકેડની વિન્ટેજ સાડીઓમાંથી તૈયાર કરવામાં આવ્યા હતા

સામાન્ય રીતે લોકોમાં એવી છાપ હોય છે કે સેલેબ્રિટી પોતાના કપડાં એક વખત પહેર્યા પછી ફરી પહેરતા નથી અને તેઓ મોંઘાદાટ કપડાં જ પહેરે છે. તેમાં પણ ખાસ તો અંબાણી પરિવારના લગ્ન પ્રસંગો હોય કે અન્ય કોઈ મોટી ઈવેન્ટ, તેમાં સેલેબ્રિટીએ પહેરેલાં કપડાં અનેક પ્લેટફોર્મ્સ પર ખાસ ચર્ચામાં રહે છે. હાલ ગણેશ ઉત્સવનો માહોલ ચાલી રહ્યો છે, ત્યારે આ વીકેન્ડમાં ઘણા સેલેબ્સ અંબાણી પરિવાર દ્વારા આયોજિત ગણેશપૂજામાં સામેલ થયા હતા. તેમાં બધાના રંગબેરંગી કપડાં વચ્ચે સારા અલી ખાનના મલ્ટી કલરની બ્રોકેડવાળા ચણિયાચોળીએ ખાસ ચર્ચા જગાવી છે. મયુર ગિરોત્રા દ્વારા ડિઝાઈન કરેલાં તેના લહેંગા ચોલી વર્ષોથી એકઠી કરેલી બ્રોકેડની વિન્ટેજ સાડીઓમાંથી તૈયાર કરવામાં આવ્યા હતા. તેની સાથે તેણે ટીશ્યુનો દુપટ્ટો પહેર્યો હતો. આ ડ્રેસમાં તે બહુ સુંદર અને જાજરમાન લાગતી હતી. આ ચણિયાચોળી જૂના કપડાં અને હસ્તકળાનો એક સુંદર નમુનો હતો. તેના આ લહેંગામાં પર્પલ, ગ્રીન, પિંક, ગોલ્ડન અને રેડ વિન્ટેજ બ્રોકેડની એન્બ્રોડરીવાળી સાડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રીન અને પર્પલ કલરની એક નાની બોર્ડર હતી જે ચણિયાને વધુ સુંદર બનાવતી હતી. આ જ શેડમાં તેનું બ્લાઉઝ પણ બનાવવામાં આવ્યું હતું. તેના ગોલ્ડન ટીશ્યુ દુપટ્ટા પર બારીક ગોલ્ડન ઝરદોસી એમ્બ્રોઈડરી કરવામાં આવી હતી. જેની નેચરલ ચમક વધુ ઉઠાવ આપતી હતી. તેના લહેંગાને વધુ મહત્વ આપવા માટે સારાએ બહુ ડેલિકેટ ગોલ્ડન જ્વેલરી પહેરી હતી. જેમાં તેણે નાનું ચોકર નેકલેસ અને ઝૂમકાં પહેર્યા હતા. જે તેના લહેંગાની ગોલ્ડન એમ્બ્રોઈડરીમાં વધુ મેચ થતાં હતાં. સાથે જ તેણે મેક અપ પણ ઘણો ઓછો રાખ્યો હતો. તેણે નો મેકઅપ નેચરલ લૂક અપનાવ્યો હતો. તેથી લિપસ્ટિક પણ ન્યૂડ શેડની જ કરી હતી. સાથે હેરસ્ટાઈલમાં પણ કોઈ હેવી બન કે કશું કર્યા વિના દક્ષ નિધિ દ્વારા તેના વાળમાં થોડું ટેક્સ્ચર આપીને તેની હાફ પોની કરવામાં આવી હતી . સોશિયલ મીડિયા પર તેના આ લૂકને કારણે અપસાઈકલિંગ ફેશન અને એનવાયર્નમેન્ટ ફ્રેન્ડલી ફેશનની ચર્ચા શરૂ થઈ હતી. તેની ફેશનને સોશિયલ મીડિયા યૂઝરે સસ્ટેનેબલ ફેશન ગણાવી હતી.



# રાજસ્થાની લોક ગાયક માંગે ખાનનું અવસાન

બુધવારે બોલિવૂડમાંથી મલાઈકા અરોરાના પિતાના નિધનના સમાચાર આવ્યા, જેણે બધાને હચમચાવી દીધા. ચાહકો આ આઘાતમાંથી બહાર આવે તે પહેલા તેઓએ વધુ એક ખરાબ સમાચાર સાંભળ્યા. પ્રખ્યાત રાજસ્થાની લોક ગાયક મંગા એટલે કે મંગે ખાને અંતિમ શ્વાસ લીધા છે. તે હવે આપણી વચ્ચે નથી. તેમણે ૪૯ વર્ષની વયે આ દુનિયા છોડી દીધી. મંગે ખાનનું અવસાન ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ થયું હતું. તે આમરસ રેકોર્ડ બેન્ડ, બાડમેર બોયઝના મુખ્ય ગાયક હતા. લોકો તેને પ્રેમથી મંગા કહેતા. તેઓ માંગણીયાર સમુદાયના સૌથી પ્રખ્યાત અને પ્રતિભાશાળી ગાયક હતા. મળતી માહિતી મુજબ, હાલમાં જ તેની બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. તેની કારકિર્દીની ટોચ પર, તેણે ઘણા કોન્સર્ટ અને હાઉસફુલ શો કર્યા. તેમના અવાજે મંગનિયાર સંગીતની માંગ પૂરી કરી. તેમના અવાજમાં શક્તિ હતી, જે શક્તિશાળી હોવાની સાથે મધુર પણ હતી. સિંગરે ૨૦ દેશોમાં ૨૦૦ જેટલા કોન્સર્ટ કર્યા હતા. તેણે વિશ્વના ઘણા પ્રતિષ્ઠિત ઉત્સવો જેમ કે રોસ્કિલ્ડે, ક્લોકેનફ્લેપ, ઑફફેસ્ટ, એફએમએમ સાઈન્સ, ફેસ્ટિવલ ડે લા સિટી, ઝિરો મ્યુઝિક ફેસ્ટિવલ, વિનીપેગ ફોક ફેસ્ટિવલ, મ્યુઝિક મીટિંગ, રિસ્પેક્ટ ફેસ્ટિવલમાં પરફોર્મ કર્યું હતું. એમટીવી ઈન્ડિયાના શો કોક સ્ટુડિયો સીઝન ૩માં તેમનું ગ્રુપ જોવા મળ્યું હતું. સોશિયલ મીડિયા પર ચાહકો આંખોમાં આંસુ સાથે ગાયકને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.



### તાપસી પન્નુ બનશે ‘ગાંધારી’

# માતૃત્વની સંદવેનાને સઘન બનાવશે એક્શનનો ચમકારો



### કે‘ફિર આયી હસીન દિલરૂબા’ની રાઈટર કનિકા ધિલ્લોન અને તાપસી OTT ફિલ્મમાં ફરી સાથે કામ કરશે


અક્ષય કુમારની જેમ તાપસી પન્નુની ફિલ્મો પણ ઘણાં સમયથી ફ્લોપ જઈ રહી છે. સતત નિષ્ફળતાની વચ્ચે તાપસીને પણ અક્ષય કુમારની જેમ નવી ફિલ્મો મળી રહી છે. તાપસીની આગામી ફિલ્મ ‘ગાંધારી’ નક્કી થઈ છે. મા-સંતાનની લાગણીને રજૂ કરતી આ ફિલ્મમાં એક્શન અને થ્રિલર ઠાંસી-ઠાંસીને ભરવામાં આવ્યા છે. ‘ફિર આયી હસીન દિલરૂબા’ના રાઈટર તાપસી પન્નુ અને કનિકા ધિલ્લોન ફરી એક વાર ‘ગાંધારી’માં સાથે કામ કરી રહ્યા છે. તાપસીની આ ફિલ્મને બોક્સઓફિસ પર રિલીઝ કરવાનું જોખમ લેવાના બદલે સીધી નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવશે. ઓટીટી પ્લેટફોર્મ પર ફિલ્મની સીધી રિલીઝથી સમગ્ર ટીમ પર કલેક્શનનું પ્રેશર રહેતું નથી. તાપસી પન્નુએ આ ફિલ્મમાં મિશન પર નીકળેલી માતાનો રોલ કર્યો છે. ‘ગાંધારી’માં રહસ્યના તાણાવાણા સાથે જીવન-મરણનો પ્રશ્ન સંકળાયેલો છે. તાપસીએ આ અંગે જણાવ્યું હતું કે, ‘ગાંધારી’માં લાગણીઓના ઊંડાણ સુધી પહોંચવાનો પ્રયાસ થયો છે. ૯ વર્ષ અગાઉ એક્શન રોલ કર્યો હતો. આ સાથે કેરેક્ટર પણ ખૂબ ઈન્ટેન્સ છે. આ પ્રકારની પડકારજનક સ્ક્રિપ્ટ માટે લાંબા સમયથી રાહ જોઈ રહી હતી. સ્પાયનો રોલ કર્યા પછી વધારે ગહન રોલની જરૂર હતી. ‘ગાંધારી’માં સંતાન માટે બદલો લેવા જીવ જોખમમાં મૂકતી માતાનો રોલ કર્યો છે. રાઈટર કનિકાએ કહ્યું હતું કે, સંતાન માટે ગમે તે હદે જવા તૈયાર રહેતી માતાની સ્ટોરીમાં ઈમોશન અને એક્શનની સાથે ભરપૂર થ્રિલર છે. નેટફ્લિક્સ દ્વારા આ ફિલ્મ માટે ક્રીએટિવ ફ્રિડમ અપાઈ હોવાથી ઓડિયન્સને ઈમોશલી ચાર્જ્ડ થવાનો અનુભવ મળશે.

### અગ્રવાલ ઉપરાંત પ્રતીક બબ્બર અને સત્યરાજના રોલ મહત્વના

# ‘સિકંદર’માં રશ્મિકા સાથે કાજલ પણ જોડાઈ



જ્યારે એવી જાહેરાત કરવામાં આવી કે સલમાન ખાનની ‘સિકંદર’માં રશ્મિકા મંદાના પણ જોવા મળશે. ત્યારે સોશિયલ મીડિયા પર આ અહેવાલોએ ઘણી ચર્ચા જગાવી હતી. હવે વધુ એક સ્ટાર આ ફિલ્મ સાથે જોડાશે. કેટલાંક વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર હવે કાજલ અગ્રવાલ પણ ‘સિકંદર’ની કાસ્ટમાં જોડાઈ ગઈ છે. રશ્મિકા આ ફિલ્મમાં છે જ તો હવે કાજલ કયો રોલ કરશે તો જોવાનું રસપ્રદ રહેશે. બાહુબલી સ્ટાર સત્યરાજ પણ મહત્વના રોલમાં છે. આ ફિલ્મમાં પ્રતીક બબ્બર મુખ્ય વિલનની ભુમિકામાં છે. ફિલ્મના ડિરેક્ટર એ મુર્ગાદોસ અને પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા આ ફિલ્મને એક મોટી ફિલ્મ ગણાવી રહ્યા છે, ફિલ્મના ડિરેક્ટર એ મુર્ગાદોસ અને પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા આ ફિલ્મને એક મોટી ફિલ્મ ગણાવી રહ્યા છે જેમાં સલમાનના મિત્રોને મજા પડી જાય. રશ્મિકા તાજેતરમાં જ સાજીદ નડિયાદવાલાની ઓફિસ બહાર જોવા મળી હતી. તે આ ફિલ્મ માટેના લૂક ટેસ્ટ માટે આવી હતી, જે આવતા વર્ષે રિલીઝ થવાની છે. સામાન્ય રીતે સલમાનની ફિલ્મો ઈદ પર રિલીઝ થતી હોય છે, તેથી તેના ફૅન્સ એવું વિચારે છે કે આ ફિલ્મ પણ આવતા વર્ષે ઈદ પર જ રિલીઝ થશે.




### ‘દેવરા’ સ્ટાર નર્વસ, છ વર્ષ બાદ

# સોલો ફિલ્મની રિલીઝે ચિંતા વધારી

### આલિયા ભટ્ટ-કરણ જોહરે જુનિયર એનટીઆર સાથે મળી પ્રમોશન કર્યું

જુનિયર એનટીઆરની બિગ બજેટ સોલો ફિલ્મ છ વર્ષ બાદ આવી રહી છે. એનટીઆરની છેલ્લી સોલો ફિલ્મ ‘RRR’ હતી, જે બ્લોકબસ્ટર રહી હતી. લાંબા સમય બાદ જુનિયર એનટીઆરની પાન ઈન્ડિયા ફિલ્મ આવી રહી છે. ફિલ્મના રિલીઝ પૂર્વે મુંબઈ ખાતે પ્રમોશનલ ઈવેન્ટ યોજાઈ હતી. આ પ્રસંગે જુનિયર એનટીઆરએ સ્વીકાર્યું હતું કે, ‘RRR’ની રિલીઝના છ વર્ષે સોલો ફિલ્મ આવી રહી હોવાથી તેઓ નર્વસ અનુભવી રહ્યા છે. ‘RRR’માં તો રામચરણ પણ સાથે હતા, જ્યારે ‘દેવરા’ તો સોલો રિલીઝ છે. મુંબઈ ખાતે ફિલ્મના ટ્રેલર લોન્ચમાં ખૂબ સારો રિસ્પોન્સ મળ્યો હતો. તેને જોઈને જુનિયર એનટીઆરએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે, નોર્થ ઈન્ડિયામાં પણ આવો રિસ્પોન્સ મળે તેવી આશા છે. પ્રમોશનલ ઈવેન્ટમાં ‘દેવરા’ના વિલન સૈફ અલી ખાન, જાન્હવી કપૂર અને ડાયરેક્ટર કોરતાલા શિવા ઉપરાંત પ્રોડ્યુસર્સે પણ હાજરી આપી હતી. તેલુગુ એક્શન ડ્રામા ‘દેવરાઃ પાર્ટ ૧’માં રાઈટર અને ડાયરેક્ટર કોરતાલા શિવા છે. જુનિયર એનટીઆરનો દાવો છે કે, આ ફિલ્મ એક્શનથી ભરપૂર છે અને તેની પાછલી ૪૦ મિનિટ જકડી રાખે તેવી છે. સૈફ અલી ખાન માટે આ પહેલી તેલુગુ ફિલ્મ છે. સૈફે કહ્યું હતું કે, આ ફિલ્મમાં ન્યૂકમર જેવું ફિલ થાય છે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆરના ડબલ રોલ છે. તે દેવરા અને વર્ધા બંને કેરેક્ટર કરી રહ્યા છે. તેલુગુ ઉપરાંત તમિલ, મલયાલમ, કન્નડ અને હિન્દીમાં આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. ‘દેવરા’ની રિલીઝ બાદ ૧૦ ઓક્ટોબરે કરણ જોહર-આલિયા ભટ્ટની ‘જિગરા’ આવી રહી છે. ‘દેવરા’ના ટ્રેલર લોન્ચ પૂર્વે આ બંને ફિલ્મની ટીમે સંયુક્ત પ્રમોશનનો અખતરો કર્યો હતો.



# સિદ્ધાર્થ-અદિતીને એપલના સીઈઓ ટીમ કૂકે ઈન્વાઈટ કર્યા

એક્ટર કપલ અદિતી રાવ હૈદરી અને સિદ્ધાર્થ મલહોત્રા અમેરિકામાં વેકેશન એન્જોય કરી રહ્યા છે. વેકેશન દરમિયન તેમને એપલના સીઈઓ ટૂમ કૂક દ્વારા ખાસ આમંત્રણ મળ્યું હતું. જેના પગલે આઈફોન ૧૬ની નવી સિરીઝના લોન્ચમાં તેમણે હાજરી આપી હતી. એપલ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી ઈવેન્ટમાં અદિતી-સિદ્ધાર્થે એપલના સીઈઓ ટીમ કૂક સાથે યાદગાર ક્ષણો માણી હતી. પોતાના આ અનુભવને તેમણે ફોટોગ્રાફ સાથે સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. અદિતીએ ઈન્સ્ટાગ્રામ પર ફોટોગ્રાફ શેર કરતી વખતે આ અનુભવને જાદુઈ અને અવિસ્મરણિય ગણાવી ટીમ કૂકને અત્યંત નમ્ર અને સાલસ ગણાવ્યાં હતાં. અદિતીએ વધુમાં કહ્યું હતું કે, આ બે દિવસ તેમના માટે વિશે હતા. આ સમયગાળામાં તેઓ અકલ્પનીય બ્રિલિયન્ટ, અત્યંત સર્જનાત્મક અને ટેકનોલોજીના ઉચ્ચતમ સ્તરના સાક્ષી બન્યા હતા. એપલની ઈકોસીસ્ટમ બનાવનારા વિશેષ લોકોને મળવાનો અનુભવ યાદગાર હતો. આ મુલાકાતથી હૈયું ભરાઈ ગયું હતું અને માનસિક ઊર્જાનો અનુભવ થયો હતો. અદિતી અને સિદ્ધાર્થે પોતાને એપલ બ્રાન્ડના ચાહક ગણાવ્યા હતા. અદિતી અને સિદ્ધાર્થે થોડા સમય પહેલાં સગાઈ કરી હતી અન હવે ટૂંક સમયમાં લગ્ન કરવાના છે. અદિતિના પરિવારનું પ્રાચીન મંદિર તેલંગાણામાં આવેલું છે.

# શાહરૂખે ૩૫ વર્ષ પહેલા ફિલ્મમાં ગે કોલેજ સ્ટુડન્ટનો રોલ કર્યો હતો

### આજે પણ સુપરસ્ટાર શાહરૂખ ખાન વિશે ઘણી એવી વાતો છે જે ઘણા લોકો નથી જાણતા

આ દિવસોમાં લોકો શાહરૂખ ખાનને ભારતનો સૌથી મોટો સુપરસ્ટાર કહે છે. ગયા વર્ષે બોલિવૂડને બે રેકોર્ડબ્રેક બ્લોકબસ્ટર આપનાર શાહરૂખ આજે મોટા પડદા અને લોકોના દિલો પર રાજ કરે છે. પરંતુ તેણે અભિનયમાં તેની કારકિર્દીની શરૂઆત ખૂબ સંઘર્ષ સાથે કરી હતી. ૧૯૯૨માં રિલીઝ થયેલી ‘દીવાના’થી ઈન્ડસ્ટ્રીમાં લીડ હીરો તરીકે લૉન્ચ થયેલા શાહરૂખે અગાઉ ઘણી નાની ભૂમિકાઓ ભજવી હતી. હવે શાહરૂખની આવી જ એક શરૂઆતની ફિલ્મનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જ્યારે શાહરૂખ મોટા પડદા પર ગે કોલેજ સ્ટુડન્ટ બન્યો હતા આજે પણ સુપરસ્ટાર શાહરૂખ ખાન વિશે ઘણી એવી વાતો છે જે ઘણા લોકો નથી જાણતા. શું તમે જાણો છો કે શાહરૂખે નેશનલ એવોર્ડ ફિલ્મમાં ગે કોલેજ સ્ટુડન્ટનું સપોર્ટિંગ પાત્ર ભજવ્યું હતું? ૧૯૮૯ની અંગ્રેજી ટીવી ફિલ્મ ‘ઈન વિચ એની ગીવ્ઝ ઈટ ધેઝ ઓન્સ’ની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહી છે. આ વીડિયોમાં શાહરૂખ કોલેજ સ્ટુડન્ટના રોલમાં જોવા મળી રહ્યો છે. આ ફિલ્મમાં તેણે મુખ્ય પાત્રો અર્જુન રૈના અને અરુંધતી રોયના વરિષ્ઠની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં તેનું પાત્ર ગે હતું. ‘ઈન વ્હિસ એની ગીવ્ઝ ઈટ ધેસ ઓન્સ’ની લેખિકા પ્રખ્યાત લેખિકા અરુંધતી રોય હતી અને તેણે પણ આ ફિલ્મમાં અભિનય કર્યો હતો. અને અરુંધતીના પૂર્વ પતિ પ્રદીપ કિશોરે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. આ ફિલ્મને બે નેશનલ એવોર્ડ મળ્યા હતા. શાહરૂખની સાથે રોશન સેઠ, ઋતુરાજ સિંહ અને મનોજ બાજપેયી જેવા કલાકારો પણ આ ફિલ્મમાં સહાયક ભૂમિકામાં હતા. આ બધા પાછળથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટા નામ બની ગયા. આ ફિલ્મના એક વર્ષ પહેલા તેણે ટીવી સિરિયલ ‘ફૌજી’માં અભિનયની શરૂઆત કરી હતી. આ બંને સિવાય શાહરુખે ‘ઉમેદ’, ‘વાગલે કી દુનિયા’, ‘દિલ દરિયા’, ‘મહાન કર્ઝ’ અને ‘ઈડિયટ’ જેવા ઘણા પ્રોજેક્ટ્સમાં નાના રોલ કર્યા હતા. ટીવી શો ‘સર્કસ’એ શાહરૂખને ઘણી લોકપ્રિયતા અપાવી હતી.



# દીપિકા અને રણવીર સિંહ જશે, અનુષ્કા શર્મા, વિરાટ કોહલીની રીતે?

બોલિવૂડના બહુચર્ચિત દંપતી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે તાજેતરમાં ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ તેમની બાળકીનું સ્વાગત કરતાં પિતૃત્વ સ્વીકાર્યું હતું. સારું, નવી મમ્મી હવે ૪ દિવસથી હોસ્પિટલમાં છે અને મીડિયા રિપોર્ટ્સ મુજબ દીપિકાને રજા આપવામાં આવશે. આજે હોસ્પિટલમાંથી. ઝી ન્યૂઝના અહેવાલો મુજબ, દીપિકા અને તેનું નવજાત બાળક સ્વસ્થ છે અને માતા અને પુત્રી આજે તેમના ઘરે પહોંચશે. રણવીર સિંહ દીપિકા અને તેમની પુત્રીનું શાનદાર સ્વાગત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત અને રોમાંચિત છે. તે તેની બંને લક્ષ્મીજીનું ઘરે સ્વાગત કરવા માટે રાહ જોઈ શકતો નથી અને તેણે તેમના માટે કેટલીક ખાસ યોજનાઓ બનાવી છે. વધુમાં, દીપિકા અને રણવીરે અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીના માર્ગે જવાનું નક્કી કર્યું છે, દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ જશે, અનુષ્કા શર્મા, વિરાટ કોહલીની રીતે? જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે પાપારાઝીઓને આગ્રહ કર્યો છે કે તેઓ તેમને પકડે નહીં કારણ કે તેઓ તેમના નવજાત શિશુ માટે ફોટો નો-ફોટો નીતિના નિયમનું પાલન કરશે. હા, તમે તે સાચું વાંચ્યું છે. આ જ નિયમ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી દ્વારા લાગુ કરવામાં આવ્યો છે, જેઓ પુત્રી વામિકા અને પુત્ર અકાયના માતાપિતા છે. દંપતિ પેપ્સને તેમના બાળકોના ચિત્રો કેપ્ચર કરવાની મંજૂરી આપતા નથી અને તેના વિશે ખૂબ કડક છે.

# ઝાલોદ આઈ.સી.ડી.એસ ખાતા દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

આજ રોજ તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ પોષણ અભિયાનની ઉજવણી અંતર્ગત ઝાલોદ ઝસ્ઝ ઝાલોદ ખાતે ૭ માં ''રાષ્ટ્રીય પોષણ માસ''ની ઉજવણી કરવામાં આવી. જેમાં સીડીપીઓ નીલુબેન માછી, સુપ્રિટેન્ડન્ટ ઝાલોદ ડો. પ્રતિમા મહેતા, ન્યુટ્રિશન આસિસ્ટન્ટ ભારતીબેન, THO ઝાલોદ, RBSK MO અને મુખ્યેવિકા બેનો, આઈસીડીએસ સ્ટાફ, આંગણવાડી કાર્યકર, કુપોષિત બાળકોની માતાઓ બેનો ઉપસ્થિત રહ્યા. કુપોષિત બાળકોની માતાઓને ંરિમાંથી બનતી વાનગી લાઈવ બનાવીને બતાવવામાં આવ્યું. વાનગીની દર્શન પણ કરવામાં આવ્યું વાનગી શેમાંથી અને કંઈ રીતે બને છે તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળકોની માતાઓને પોષણ ટોકરી આપવામાં આવી. બાળકોને બનાવેલ વાનગી આપવામાં આવી. પોષણ માહ ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ અંતર્ગત સુપોષિત ભારત -સાક્ષર ભારત -સશક્ત ભારત બનાવવા માટે રાષ્ટ્રીય પોષણ માહની ૫ થીમ પર ઉજવણી કરવા જણાવેલ છે.

જેમાં (૧)એનિમિયા (૨) વૃદ્ધિ દેખરેખ (૩) પૂરક ખોરાક (૪) પોષણ ભી પઢાઈ ભી (૫) સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ રીતે સેવાઓ પહોંચાડવા માટે ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. આજ રોજ પૂરક ખોરાકની થીમ આધારિત સગર્ભા, ધાત્રી માતાઓ, કિશોરીઓ, ૭ માસથી ૩ વર્ષના બાળકો, ૩ થી ૬ વર્ષના બાળકો, સાસુઓને એકત્રિત કરી વાનગી નિદર્શન કરી THR (બાલ શકિત, માતૃ શક્તિ, પૂર્ણા શક્તિ)માંથી બનતી વિવિધ વાનગીની જાણકારી, બાળકને જન્મ આપ્યા પછી માતા સંપૂર્ણ આહાર લે તે અંગેની સમજ, ૬ મહિના પછી ઉપરી આહારની શરૂઆત કરવા અંગેની સમજ આપવામાં આવી.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવા ખાતે ''વારલી પેઈન્ટિંગ'' અંગે એક દિવસીય સેમિનાર યોજાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ-આહવાના પ્રિન્સિપાલ ડો. ઉત્તમભાઈ ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ સપ્તધારા અંતર્ગત રંગકલા કૌશલ્ય ધારા દ્વારા કાલેજમાં ''વારલી પેઈન્ટિંગ'' અંગે એક દિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં નિષ્ણાંત કરીકે શ્રી યોગેશભાઈ ચૌધરી તેમજ શ્રી અનિલભાઈ ચૌધરી ઉપસ્શિત રહ્યા હતાં. તેઓ દ્વારા દ્વારા વારલી આર્ટનો ઉદ્ભવ ક્યાં રાજયમાંથી થયો હતો તેની સંપૂર્ણ માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને વારલી કળા એક હુન્નર તરીકે ભવિષ્યમાં અર્થોઉપાર્જનમાં કઈ રીતે ઉપયોગી થાય તેની પણ માહિતી આપવામાં આવી હતી. હાલમાં વૈશ્વિક ફલક પર આદિવાસી વારલી આર્ટ જે રીતે વિકસી રહ્યું છે, તેમાં વિદ્યાર્થીઓને જોડાઈ આદિવાસી વારલી કળાનું સંવર્ધન કરવાની પહેલ કરવામાં આવી હતી. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, આહવાના આચાર્યશ્રી ડો. ઉત્તમભાઈ ગાંગુર્ડે દ્વારા વારલી કલા વિશે વિદ્યાર્થીઓને આદિવાસી વિસ્તારો અને અજંતા ઈલોરાના ભીંત ચિત્રો જેવા ઉત્તમ ઉદાહરણો દ્વારા વારલી પેઈન્ટિંગ વિશે માહિતી આપી હતી. આ એક દિવસીય વર્કશોપમાં કોલેજના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉત્તમ પેઈન્ટિંગનું નિર્માણ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રાધ્યાપકશ્રી ડો. હરેશભાઈ વરુના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન રંગકલા કૌશલ્ય ધારાના અધ્યક્ષશ્રી ડો. ભગીના પટેલ તેમજ આભારવિધિ પ્રાધ્યાપક શ્રી આશુતોષભાઈ કરેવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જિલ્લા દ્વારા ષષ્ટિપૂર્તિ સમારોહ અંતર્ગત ઝાલોદ પ્રખંડનું હિન્દુ સંમેલન યોજાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જિલ્લા દ્વારા ષષ્ટિપૂર્તિ સમારોહ અંતર્ગત ઝાલોદ પ્રખંડનું હિન્દુ સંમેલન યોજાયું જેમાં અનુસૂચિત જાતિના ધોરણ પાંચ થી આઠમાં અભ્યાસ કરતા બાળકોને મુંબઈના દાતા વાડીલાલ યુ. દોશી જૈન પરિવાર તરફથી મફત ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું. ઝાલોદ તારીખ,૧૧ વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ દ્વારા હિન્દુ સંમેલન અને ગણવેશ વિતરણ નો કાર્યક્રમ શિક્ષક સોસાયટીના મકાનમાં ઝાલોદ ખાતે ખાતે જિલ્લા સેવા પ્રમુખ RSS ભરતભાઈ જાંગીડ, દાહોદ જિલ્લાના અધ્યક્ષ સ્થાને તથા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ઝાલોદના પ્રમુખ દિનેશભાઈ ભૂનાતરના અતિથિ વિશેષ સ્થાને તેમજ વિશેષ ઉપસ્થિતિ કે.જી. પટેલ પદે, તેમજ ડો. ગિરીશભાઈ નળવાયા કેન્દ્રીય ટ્રસ્ટી મંડળના સદસ્ય અને દક્ષિણ ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ તેમજ પંચમહાલ વિભાગ સહ મંત્રી કિરણસિંહ ચાવડા, ઉપાધ્યક્ષ ગોપાલભાઈ સોની જિલ્લા સહમંત્રી કમલેશભાઈ ગુજ્જર અને જિલ્લા સહમંત્રી રાહુલભાઈ જોધા રાઠોડની પ્રેરકઉપસ્થિતિમાં તારીખ ૧૧/૯/૨૪ ના મંગળવારે બપોરે ૨:૦૦ વાગે હિન્દુ સંમેલન યોજવામાં આવ્યું. વિશ્વ હિન્દુ પરિષદની કાર્ય પદ્ધતિ મુજબ શરૂઆત અને પુર્ણાહુતિ કરવામાં આવી. આ પ્રસંગે ઝાલોદના ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના કુમાર કન્યા કુલ ૧૦૫ પૈક ૯૫ બાળકોને મુંબઈના દાતા શ્રીમાન શ્રી વાડીલાલ યુ. દોશી જૈન પરિવાર તરફથી ગણવેશ આપવામાં આવ્યો હતો. આ વિતરણ વ્યવસ્થા શ્રીકૃષ્ણ પ્રણામી સેવા સંસ્થાન જામ્બુવા તથા શ્રી વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જામ્બુવા અને દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ના સહયોગથી આ કાર્યક્રમ કરવામાં આવ્યો આ પ્રસંગે બી.આર.સી કો-ઓર્ડીનેટર ભરતકુમાર મુનિયા અને સીઆરસી કો-ઓર્ડીનેટર ભમાત ઉપસ્થિત રહ્યા હતા ઉપસ્થિત મહાનુભવોએ સન્માન્ય પ્રવચન કર્યું હતું. અનુસૂચિત જાતિ કેળવણી મંડળ,સમાજના બાબુભાઈ ભૂનાતર



રામચંદભાઈ, ભૂનાતર, કર્મશીલ ભાઈઓ અને બહેનો તેમજ બાળકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં વક્તા ડો. ગીરીશભાઈ નળવાયા એ જય શ્રી રામ, હિંદુ ધર્મ સંસ્કૃતિ પરંપરા ના રક્ષણ તથા સંવર્ધન માટે ૧૯૬૪માં મુંબઈના ચાંદીપની આશ્રમ ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દ્વિતીય સર સંઘ સંચાલક પૂ. ગુરુજી ની પ્રેરણાથી હિન્દુ, શીખ, જૈન વગેરે ભારતીય પરંપરાઓના પૂજ્ય સંતો તથા પદ્મશ્રી કે કા શાસ્ત્રી જેવા વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના થઈ. આજ દિન સુધી ના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન તથા જન જાગરણ થકી વિહિપ દ્વારા શ્રદ્ધા કેન્દ્રોની મુક્તિ, લવ- લેન્ડ જેહાદ વિરુદ્ધ કાયદા, ગૌરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું, ઘર વાપસી, સામાજિક સમરસતા, વનવાસી કલ્યાણ, સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે પણ ૩૨ દેશોમાં ૬૩, હજાર કરતાં વધુ સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિહીપ એ વિશ્વના દરેક હિન્દુનું પોતાનું સંગઠન છે. સંવત ૨૦૮૦ શ્રાવણ વદ આઠમ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ના રોજ સૌ હિંદુઓની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદ ના ૬૦ વર્ષ પૂર્ણ થયા, જેથી ષષ્ટિપૂર્તિ સમારોહ યોજવામાં આવ્યો હતો.

# મહુવા તાલુકાની કાછલ સરકારી શિક્ષણ મહાવિદ્યાલય ખાતે ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી સ્નેહમિલન અને પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો



। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

જેમાં વર્ષ ૨૦૨૨-૨૪ના પ્રશિક્ષણાર્થી ઓ દ્વારા બે વર્ષ દરમિયાન કરેલી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓનો ચિતાર આપતો વાર્ષિક અંક 'કાછલી' નામે પ્રકાશિત કરવામાં આવ્યો હતો. કોલેજના અધ્યાપક અશ્વિન અવૈયા દ્વારા સંપાદિત 'ગુજરાતી શબ્દવૈભવ શ્રેણી ભાગ-૨'નું વિમોચન કરાયું હતું. કોલેજના અધ્યાપક ડૉ. ભાવેશ ઠક્કરે ભાવવાહી શૈલીમાં કોલેજગીત રજૂ કર્યું હતું. ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થીઓએ પ્રાસંગિક પ્રતિભાવો રજૂ કર્યા હતા. અધ્યાપકગણ વતી ડૉ. રોહિત વાળંદે અભિપ્રાય આપ્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી ડો. હેતલ ટંડેલ, વાંસદા સરકારી બી.એડ. કોલેજના આચાર્ય ડો. દિલીપ ગામીત, ડો.નીરજ રાજ્યગુરૂ, સામયિક સંપાદક પ્રા. અશ્વિન અવૈયા અને ડૉ. જિજ્ઞેશ રાઠોડ, પ્રા. ભરત મકવાણા, ડો. પ્રિયંકા પટેલ, પ્રા.રોશની પરમાર સહિત સમગ્ર સ્ટાફ, પ્રશિક્ષણાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય સેનાની ટુકડી ભારત-ઓમાન સંયુક્ત લશ્કરી કવાયત અલ નજાહ-૫ માટે રવાના



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ભારતીય સેનાની ટુકડી આજે ભારત-ઓમાન સંયુક્ત લશ્કરી કવાયત અલ નજાહની ૫મી આવૃત્તિ માટે રવાના થઈ. આ કવાયત ૧૩થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ઓમાનના સલાલાહમાં રબકુટ ટ્રેનિંગ એરિયા ખાતે યોજાવાની છે. અલ નજાહ કવાયત ૨૦૧૫થી ભારત અને ઓમાન વચ્ચે વૈકલ્પિક રીતે દ્વિવાર્ષિક રીતે યોજાય છે. આ જ કવાયતની છેલ્લી આવૃત્તિ રાજસ્થાનના મહાજન ખાતે હાથ ધરવામાં આવી હતી. ૬૦ જવાનોની બનેલી ભારતીય સેનાની ટુકડીનું પ્રતિનિધિત્વ મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી રેજિમેન્ટની એક બટાલિયન તથા અન્ય શાખાઓ અને સેવાઓના કર્મચારીઓ કરશે. રોયલ આર્મી ઓફ ઓમાનની ટુકડીમાં પણ ૬૦ કર્મી સામેલ છે, જેનું પ્રતિનિધિત્વ ફ્રન્ટિયર ફોર્સની ટુકડીઓના જવાન કરશે. સંયુક્ત કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના પ્રકરણ VII હેઠળ આતંકવાદ વિરોધી કામગીરી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાને વધારવાનો છે. આ કવાયત રણના વાતાવરણમાં કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે. કવાયત દરમિયાન રિહર્સલ કરવામાં આવનાર વ્યૂહાત્મક કવાયતમાં સંયુક્ત આયોજન, કોર્ડન અને સર્ચ ઓપરેશન, બિલ્ટ અપ એરિયામાં લડાઈ, મોબાઈલ વ્હીકલ ચેક પોસ્ટની સ્થાપના, કાઉન્ટર ડ્રોન અને રૂમ ઈન્ટરવેન્શન વગેરેનો સમાવેશ થાય છે.

# પોષણ માસ અભિયાન હેઠળ વલસાડ જિલ્લામાં સ્વસ્થ બાળક સ્પર્ધા યોજાઇ, ૮૨૦૫૨ બાળકોએ ભાગ લીધો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોનું વજન અને ઉંચાઈ કરી તંદુરસ્ત બાળકોનું રેંકિંગ કરવામાં આવ્યું જિલ્લાના આંગણવાડી કેન્દ્રો/ ઘર/ પંચાયત/ શાળાઓ/ ખાસ શિબિરો/ પી.એચ.સી પર સ્પર્ધાનું આયોજન કરાયું પોષણ અભિયાન અંતર્ગત ''સ્વસ્થ બાળક'' ની ઓળખ અને ઉજવણી પર ભાર મૂકવા સંદર્ભે ''સ્વસ્થ બાળક સ્પર્ધા'' યોજવામાં આવી રહી છે. વલસાડ જિલ્લામાં આઈસીડીએસ વિભાગ દ્વારા હાલ 'પોષણ માસ'ની ઉજવણી ચાલી રહી છે. જે અંતર્ગત જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં દર માસના બીજા મંગળવારે તા. ૧૦/૦૯/૨૦૨૩ ના રોજ જિલ્લાના ૬ માસ થી ૫ વર્ષના ૮૨૦૫૨ બાળકોએ ''સ્વસ્થ બાળક'' સ્પર્ધામાં ભાગ લીધો હતો. હવે ઘટક કક્ષાએ સ્વસ્થ બાળક સ્પર્ધાનું આયોજન કરાશે. વલસાડ જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોનું વજન અને ઉંચાઈ કરી તંદુરસ્ત બાળકોનું રેંકિંગ કરી તથા ગ્રેડ ચેન્જ થયેલા બાળકોને પુરસ્કૃત કરી



સ્વસ્થ બાળક સ્પર્ધાની ઉજવણી કરવામાં આવી હતી. આ સ્પર્ધા થકી માતા-પિતા/વાલીઓમાં પોતાના બાળકોની આરોગ્ય અને પોષણની સ્થિતિ સુધારવા માટે સ્પર્ધાત્મક લાગણી ઉત્પન્ન થાય અને કૉમ્યુનિટી મોબિલાઈઝેશનની સાથે લોકોમાં જાગૃતિ લાવવામાં મદદ મળી રહે છે. આ ખ્યાલ સાથે દરેક કવાર્ટરના છેલ્લા માસના બીજા મંગળવારે ૦ થી ૫ વર્ષના બાળકો માટે સ્વસ્થ બાળક સ્પર્ધા યોજવામાં આવે છે. સ્વસ્થ બાળક સ્પર્ધા કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના તમામ ૦-૬ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહ ૧૩મી સપ્ટેમ્બરના રોજ વિશેષ ઝુંબેશ ૪.૦ માટે સમર્પિત વેબ-પોર્ટલ લોન્ચ કરશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર ભારત સરકારના તમામ ૮૪ મંત્રાલયો/વિભાગોમાં વિશેષ અભિયાન ૪.૦ના નોડલ અધિકારીઓ, જાહેર ફરિયાદ અને અપીલીય સત્તામંડળોના નોડલ અધિકારીઓની વર્ચ્યુઅલ બેઠકમાં વિશેષ અભિયાન ૪.૦ની પ્રગતિ પર નજર રાખવા માટે સમર્પિત ઓનલાઈન વેબ પોર્ટલ (https://scd-pm.nic.in/specialcampaign4/)નો શુભારંભ કરશે. આ બેઠકને ડીએઆરપીજીના સચિવ પણ સંબોધિત કરશે. સચિવ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય; સચિવ, પોસ્ટ અને સચિવ, રેલવે બોર્ડ. સરકારે નિર્ણય લીધો છે કે સ્વચ્છતાને સંસ્થાકીય સ્વરૂપ આપવા અને પેન્ડન્સી ઘટાડવા માટે દર વર્ષે ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી વિશેષ અભિયાનો યોજવામાં આવશે. વિશેષ અભિયાન ૪.૦ અગાઉ ૧૬ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી પ્રારંભિક તબક્કો શરૂ થશે.

વિશેષ ઝુંબેશ સંતૃપ્તિ અભિગમ સાથે ભારત સરકારની તમામ કચેરીઓમાં સ્વચ્છતાને સંસ્થાકીય સ્વરૂપ આપવાનો પ્રયાસ કરે છે. વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં ત્રણ વિશેષ અભિયાનોમાં કુલ ૪,૦૪,૭૭૬ સ્વચ્છતા અભિયાન સ્થળોને આવરી લેવામાં આવ્યાં હતાં, ૩૫૫ લાખ ચોરસ ફૂટ જમીનને ઉત્પાદક ઉપયોગ માટે મુક્ત કરવામાં આવી હતી અને ભંગારના નિકાલ દ્વારા રૂ. ૧૧૬૨ કરોડની આવક થઈ હતી. વિશેષ અભિયાનો દરમિયાન ઘણી નવીન પહેલો હાથ ધરવામાં આવી હતી, જેનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું અને ડિસેમ્બરમાં સુશાસન સપ્તાહ દરમિયાન આકારણી અહેવાલોના રૂપ માં બહાર પાડવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાનોનું નેતૃત્વ મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ અને મંત્રાલયો /વિભાગોના સચિવો દ્વારા કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીની મન કી બાતમાં વિશેષ અભિયાનોની પહેલો અને સિદ્ધિઓનો પણ ઉલ્લેખ જોવા મળ્યો છે. કેબિનેટ સચિવે ૨૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ભારત સરકારના તમામ સચિવોને સંબોધન કર્યું છે અને ડીએઆરપીજીએ ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેના માટે વિસ્તૃત માર્ગદર્શિકા જારી કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે. પણ તકેદારી રાખજો કેમ કે ઉતાવળે લીધેલો કોઈપણ નિર્ણય તમને દબાણ હેઠળ લાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતી ચિંતા તથા તાણ હાઈપર-ટેન્શનનું કારણ બની શકે છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો. આ બાબત તમારા આત્મવિશ્વાસને દૃઢ બનાવવામાંઅત્યંત મદદરૂપ થઈ શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારો ભાગીદાર સહકાર પૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે નવરાશની લ્હેજત માણવાના છો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે. તમારી આસપાસ શું થઈ રહ્યું છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપ શે? જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

## ભૂસ્ખલનમાં પરિવાર ગુમાવ્યો, હવે કાર અકસ્માતમાં પતિનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દુઃખદ ઘટનાઓ પર શોક વ્યક્ત કરતા કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને જેન્સન અને શ્રુતિના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું, ''આ સમાચાર ખૂબ જ દુઃખદ છે. આફતોના કારણે થયેલા નુકસાનની ભરપાઈ કોઈ કરી શકે નહીં.''જુલાઈ મહિનામાં કેરળના વાયનાડ જિલ્લામાં થયેલા વિનાશક ભૂસ્ખલનમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા હતા. ભૂસ્ખલન સમયે અનેક પરિવારો ઉખડી ગયા હતા અને માતમ જેવો માહોલ સર્જાયો હતો. આ લોકોમાં શ્રુતિ (૨૪)નો સમાવેશ થાય છે, જેણે પોતાનો આખો પરિવાર ગુમાવ્યો હતો અને હવે તે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી છે. બુધવારે શ્રુપીને વધુ એક મોટો આઘાત લાગ્યો જ્યારે તેની મંગેતર જેન્સનનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું.ડૉ. મૂપેન મેડિકલ કૉલેજના પ્રવક્તાએ પુષ્ટિ કરી હતી કે અકસ્માત દરમિયાન થયેલી અનેક ઈજાઓને કારણે જેન્સન ગંભીર રીતે ઘાયલ થયો હતો અને રાત્રે ૮:૫૦ વાગ્યે તેનું મૃત્યુ થયું હતું. પીટીઆઈના અહેવાલ મુજબ, ડોકટરોએ જણાવ્યું કે તેના નાકમાંથી ઘણું લોહી વહી રહ્યું છે અને તેના મગજમાં આંતરિક ઈજા થઈ છે. મંગળવારે જેન્સનને અકસ્માત થયો હતો જ્યારે તેની કાર ખાનગી બસ સાથે અથડાઈ હતી. કારમાં હાજર શ્રુતિ અને જેન્સનના પરિવારના ઘણા સભ્યો ઘાયલ થયા હતા. મેડિકલ સ્ટાફના પ્રયત્નો છતાં જેન્સનને બચાવી શકાયો ન હતો.શ્રુતિના પરિવારના નવ સભ્યો, જેમાં તેના માતા-પિતા (શિવન્ના, સબિતા) અને તેની નાની બહેન શ્રેયાનો સમાવેશ થાય છે, મેપ્પડી પંચાયતના ચુરલમાલા અને મુંડક્કાઈ ગામમાં ૩૦ જુલાઈના રોજ ભૂસ્ખલનમાં મૃત્યુ પામ્યા હતા. આ દુર્ઘટનાએ અચાનક તેનું જીવન બદલી નાખ્યું.

### બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર બંધ નથી થઈ રહ્યા

# અઝાન દરમિયાન લાઉડ સ્પીકર દ્વારા પૂજા કરવા પર પ્રતિબંધ

### હિંદુઓની મોબ લિંચિંગની ચાર મોટી ઘટનાઓ બની છે, ૧૦થી વધુ હિન્દુ મંદિરોમાં તોડફોડ અને આગચંપી કરવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર બંધ નથી થઈ રહ્યા, હવે અઝાન દરમિયાન લાઉડ સ્પીકર દ્વારા પૂજા કરવા પર પ્રતિબંધ છે. બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન બાદથી હિંદુઓને સતત નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ત્યાં અત્યાર સુધીમાં ૩૦૦ હિન્દુ પરિવારો અને તેમના ઘરો પર હુમલો કરવામાં આવ્યો છે. હિંદુઓની મોબ લિંચિંગની ચાર મોટી ઘટનાઓ બની છે. ૧૦ થી વધુ હિન્દુ મંદિરોમાં તોડફોડ અને આગચંપી કરવામાં આવી છે. રાજીનામા આપીને ૪૯ હિંદુ શિક્ષકોને અલગ-અલગ યુનિવર્સિટી અને કોલેજોમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. હિંદુઓની નરસંહાર કરનારા આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવી રહ્યા છે અને હવે દુર્ગા પૂજા પંડાલમાં અઝાન દરમિયાન હિંદુઓને પૂજા કરતા પણ રોકવામાં આવી રહ્યા છે.વાસ્તવમાં, બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં ગૃહ બાબતોના સલાહકાર અને નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ મોહમ્મદ જહાંગીર આલમ ચૌધરીએ જાહેરાત કરી છે કે હવેથી હિન્દુ સમુદાયના લોકો માટે અઝાન અને નમાઝ દરમિયાન લાઉડસ્પીકર પર પૂજા કરવા અને ભજન સાંભળવા પર પ્રતિબંધ રહેશે. બાંગ્લાદેશમાં. જો કોઈ હિંદુ આ નિયમનું ઉલ્લંઘન કરશે તો પોલીસ તેની વોરંટ વગર ધરપકડ કરશે.સરકારનું એમ પણ કહેવું છે કે આ નિર્ણયને તે તમામ સમિતિઓએ અનુસરવું પડશે જે બાંગ્લાદેશમાં આવતા મહિને ૯ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબરની વચ્ચે દુર્ગા પૂજા પંડાલ સ્થાપશે. આ તમામ પંડાલમાં અઝાનના પાંચ મિનિટ પહેલા તમામ ધાર્મિક વિધિઓ અને પ્રાર્થનાઓ બંધ કરવી ફરજિયાત રહેશે અને અઝાન દરમિયાન અને નમાઝના સમયે લાઉડ સ્પીકર પર ભજન સાંભળવા અથવા ધાર્મિક મંત્રો ગાવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.એટલે કે, જ્યારે મુસ્લિમ પ્રભુત્વવાળા બાંગ્લાદેશમાં અઝાન માટે મસ્જિદો પર લગાવવામાં આવેલા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે, ત્યારે હિન્દુઓ તેમના ધાર્મિક વિધિઓ અને પૂજા માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરી શકશે નહીં કારણ કે ત્યાં હિન્દુઓ લઘુમતીમાં છે અને મુસ્લિમો બહુમતીમાં છે.

### દુર્ગા પૂજા પંડાલમાં અઝાન દરમિયાન હિંદુઓને પૂજા કરતા પણ રોકવામાં આવી રહ્યા છે



**આ લઘુમતી હિંદુઓના માનવાધિકારની વાત દુનિયામાં કોઈ નથી. જેઓ કહે છે કે ભારતમાં લઘુમતી મુસ્લિમો જોખમમાં છે અને બાંગ્લાદેશમાં હિંદુ લઘુમતીઓ પરના હુમલાઓને પ્રોપેગન્ડા કહે છે, તેઓએ સમજવાની જરૂર છે કે બેવડા ધોરણો શું છે?તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૭માં જ્યારે પશ્ચિમ બંગાળમાં મોહરમના સરઘસના દિવસે જ દુર્ગા વિસર્જનનું આયોજન થવાનું હતું ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જીની સરકારે નિર્ણય લીધો હતો કે પહેલા મોહરમ સરઘસ કાઢવામાં આવશે અને ત્યારબાદ દુર્ગા વિસર્જન કરવામાં આવશે. બીજા દિવસે કરવામાં આવશે. પરંતુ બાંગ્લાદેશમાં જ્યાં મુસ્લિમ બહુમતી છે અને હિંદુઓ લઘુમતી છે, ત્યાં નક્કી કરવામાં આવ્યું છે કે જ્યારે મુસ્લિમો તેમની મસ્જિદોમાંથી અઝાન માટે લાઉડસ્પીકરનો ઉપયોગ કરશે, ત્યારે હિન્દુઓ તેમના દુર્ગા પંડાલમાં પૂજા કરી શકશે નહીં અને આ તફાવત છે, હિન્દુ બહુમતી ભારતમાં અને મુસ્લિમ બહુમતીમાં. બાંગ્લાદેશ.ગત વર્ષે બાંગ્લાદેશમાં નવરાત્રિ દરમિયાન કુલ ૩૩ હજાર ૪૩૧ 'દુર્ગા પંડાલો'ની સ્થાપના કરવામાં આવી હતી.**

### અમેરિકામાં ચીનના મુદ્દે મોદી સરકાર પર વિપક્ષના નેતાના પ્રહારો

# ચીને ભારતનો ૪,૦૦૦ ચો.કિમી પ્રદેશ હડપ કર્યો છે : રાહુલ ગાંધી

### અમેરિકાની યાત્રા પર ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર ચાલુ રાખતાં વોશિંગ્ટનમાં દાવો કર્યો હતો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

અમેરિકાની યાત્રા પર ગયેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર ચાલુ રાખતાં વોશિંગ્ટનમાં દાવો કર્યો હતો કે સરકાર ચીન સંઘર્ષના મુદ્દાનો સામનો કરવામાં નિષ્ફળ ગઈ છે અને પડોશી દેશના લશ્કરી દળોએ ભારતનો ૪,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર હડપ કરી લીધો છે, જે આપત્તિજનક છે. રાહુલ ગાંધી યુએસ કેપિટોલ (સંસદભવન) માં સાંસદોના એક ગ્રૂપને મળ્યાં હતા અને વિવિધ મુદ્દાની ચર્ચાવિચારણા કરી હતી. આની સાથે સાથે વિપક્ષના નેતાએ સંકેત આપ્યો કે કોંગ્રેસ અમેરિકા ખાતેના સંબંધો, આતંકવાદનો અંત ન આવે ત્યાં સુધી પાકિસ્તાન સાથે કોઈ વાતચીત નહીં, બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્વો અંગેની ચિંતા જેવા વિદેશ નીતિના મુખ્ય મુદ્દાઓ સાથે ભાજપ સરકાર સાથે સંમત છે.

મંગળવારે પ્રતિષ્ઠિત નેશનલ પ્રેસ ક્લબ ખાતે એક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ ભારતના આંતરિક મામલામાં અમેરિકાની કોઈ ભૂમિકા ઈચ્છતા નથી. ચીન અંગેના સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે અમારા ૪,૦૦૦ ચોકિમી પ્રદેશમાં ચીનના સૈનિકોનો કબજો છે. ચીનના લશ્કરી દળોએ લદ્દાખમાં દિલ્હીના કદનો વિસ્તાર હડપ કરી લીધો છે. મને લાગે છે કે તે આપત્તિજનક છે. મીડિયાને તેના વિશે લખવાનું પસંદ નથી. જો કોઈ પાડોશી તમારા પ્રદેશના ૪,૦૦૦ ચોરસ કિલોમીટર પર કબજો કરે તો અમેરિકા કેવી પ્રતિક્રિયા આપશે?શું કોઈ પણ પ્રમુખ એમ કહીને છટકી શકશે કે તેમણે તે મુદ્દાનો સારી રીતે સામનો કર્યો છે? તેથી મને નથી લાગતું કે મોદીએ ચીનને સારી રીતે હેન્ડલ કર્યું છે. મને લાગે છે કે ચીનના સૈનિકો આપણા વિસ્તારમાં અડ્ડો જમાવે તેનું કોઈ કારણ નથી. યુ.એસ.ની ચાર દિવસની બિનસત્તાવાર મુલાકાતે રહેલા કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે પાકિસ્તાન અમારા દેશોમાં ત્રાસવાદીની ઉશ્કેરણી કરે છે. પાકિસ્તાન અમારા દેશમાં આતંકવાદી કૃત્યો કરે તેને અમે સ્વીકારી શકીએ નહીં. અમે તેને સ્વીકારવાના નથી. પાકિસ્તાન આવું ચાલુ રાખશે ત્યાં સુધી બંને દેશો વચ્ચે સમસ્યા રહેશે. કાશ્મીર મુદ્દો દક્ષિણ એશિયાના બે દેશોને વાતચીતથી દૂર કરી રહ્યો છે તેવા સવાલનો તેમણે નકારમાં જવાબ આપ્યો હતો.

## હવે વાહનના ચલણ પર માત્ર અડધો દંડ ભરવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

દેશની રાજધાની દિલ્હીમાં રહેતા લોકો માટે રાહતના સમાચાર છે. અહીં હવે ટ્રાફિકના નિયમોને કારણે જારી કરાયેલા ચલણ પર માત્ર અડધો દંડ ભરવો પડશે. દિલ્હીના પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતે આ યોજનાની જાહેરાત કરી છે. આ પ્રસ્તાવને તેમની મંજૂરી માટે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને મોકલવામાં આવ્યો છે.જાહેર સુવિધાને ધ્યાનમાં રાખીને અને ટ્રાફિક ચલણના પતાવટને પ્રોત્સાહિત કરવા માટે, દિલ્હી સરકારે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની ચોક્કસ કલમો હેઠળ ચલનની રકમના ૫૦ ટકા પર ટ્રાફિક ગુનાઓનો પતાવટ કરવાનો નિર્ણય લીધો છે. આનો અર્થ એ થયો કે જે લોકોને ટ્રાફિક ચલણ જારી કરવામાં આવ્યું છે તેઓ ચલનની રકમનો અડધો ભાગ ચૂકવીને તેમના ચલણનું સમાધાન કરી શકે છે. આ દરખાસ્ત ટ્રાફિક ચલણને ઝડપી અને વધુ સરળ રીતે પતાવવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી છે. આ સ્કીમ હેઠળ, હાલના ચલણ માટે, ચલણ નોટિફિકેશન જારી થયાના ૯૦ દિવસની અંદર સેટલ કરવાનું રહેશે. જ્યારે નોટિફિકેશન પછી જારી કરાયેલા ચલણ માટે આ સમય મર્યાદા ૩૦ દિવસ રાખવામાં આવી છે.આ પગલું લોકોને ટ્રાફિક ચલણનું સમાધાન કરવામાં સરળતા લાવશે એટલું જ નહીં, પરંતુ ટ્રાફિક નિયમોના પાલનને પણ પ્રોત્સાહન આપશે.

## અદાણી કેસમાં ભ્રષ્ટાચારની તપાસ માટે તાકીદે જેપીસીની તપાસ જરૂરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

કોંગ્રેસે ફરી એક વખત અદાણી કેસમાં ભ્રષ્ટાચારની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને સોંપવાની માંગ કરી છે. પક્ષે જણાવ્યું હતું કે, દેશની નિયમન વ્યવસ્થામાં રહેલા છીંડા, ભ્રષ્ટાચાર અને મોનોપોલીના તમામ પાસાંની સઘન ચકાસણી માટે તાકીદે જેપીસી તપાસ જરૂરી છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે મીડિયાના એક અહેવાલને ટાંકીને જણાવ્યું હતું કે, ''ડાયમંડ પાવર ઈન્ફ્રા લિમિટેડને ૨૦૧૮માં બેન્કરપ્સી કોર્ટમાં લઈ જવામાં આવી હતી. ૨૦૨૨માં ગૌતમ અદાણીના સાળાએ ૨૧,૦૦૦ કરોડનું માર્કેટ-કેપ ધરાવતી કંપની ધિરાણકારોને ૨૫૦૧ કરોડ ચૂકવી ટેકઓવર કરી હતી. ૨૦૨૨માં કંપનીનો બિઝનેસ શૂન્ય હતો, પણ ૨૦૨૩-૨૪માં તેની આવક ૨૩૪૪ કરોડ નોંધાઈ હતી. જેનો મોટો હિસ્સો અદાણી જૂથના બિઝનેસે આપેલા ઓર્ડરનો હતો. અદાણીના બિઝનેસને કારણે ડાયમંડ પાવર ઈન્ફ્રાનું મૂલ્ય સાત ગણું વધીને ૨૭,૬૨૬ કરોડ થયું છે.'' રમેશે દાવો કર્યો હતો કે, ''સાળાની માલિકી સાથેના વ્યવહાર રિલેટેડ પાર્ટી સોદા હેઠળ આવતા નથી. એટલે કંપનીએ તેના માલિકો સાથેનો સંબંધ વાર્ષિક અહેવાલમાં દર્શાવ્યો નથી. ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે ખુલ્લો પાડવા મોદાણી મેગા સ્કેમની જેપીસી તપાસ તાકીદે જરૂરી છે.'' હિંડનબર્ગના પ્રકરણથી કોંગ્રેસ સતત અદાણી જૂથ પર આરોપો મૂકી રહી છે. જોકે, અદાણી જૂથે તમામ આરોપો ફગાવ્યા છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) માટે તેમના રોકાણના લાભાર્થી માલિકની માહિતી જાહેર કરવા ૯ સપ્ટેમ્બર છેલ્લી તારીખ હતી ત્યારે કોંગ્રેસે બુધવારે સેબીને પ્રશ્ન કર્યો હતો કે, અદાણીના કેસમાં એફપીઆઈએ આવી માહિતી આપી છે? સેબીને નવો નિયમ લાવતા ૧૮ મહિના કેમ લાગ્યા? કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે જણાવ્યું હતું કે, ''એફપીઆઈની ૯ સપ્ટેમ્બરની સમયમર્યાદાને બે દિવસ વીતી ચૂક્યા છે. મોરિશિયસના બે એફપીઆઈ મોદાણી મેગા સ્કેમનો ભાગ હોવાથી અમે થોડા દિવસ પહેલાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. બંને એફપીઆઈએ વિદેશી રોકાણના નવા નિયમમાંથી તાકીદે મુક્તિ આપવા સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી.''

## નાગાલેન્ડ સરકારે 'ગૌ મહાસભા' યોજવાની મંજૂરી આપી ન હતી

### રાજ્યના મુખ્યપ્રધાન નેફિયુ રિયોની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

નાગાલેન્ડ સરકારે ૨૮ સપ્ટેમ્બરે કોહિમામાં 'ગૌ મહાસભા' (ગાય માટે મેગા મીટિંગ) આયોજિત કરવાની પરવાનગી નકારી દીધી છે. એક વરિષ્ઠ મંત્રીએ બુધવારે આ જાણકારી આપી. જ્યોતિર્મથના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી આ બેઠકની અધ્યક્ષતા કરવાના હતા. ખ્રિસ્તી પ્રભુત્વ ધરાવતા નાગાલેન્ડમાં, જ્યાં મોટાભાગની વસ્તી ગૌમાંસનું સેવન કરે છે, આ કાર્યક્રમ યોજવાથી વિવાદ થયો હતો. રાજ્યના મુખ્યપ્રધાન નેફિયુ રિયોની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારના પ્રવક્તા અને મંત્રી સીએલ જહોને જણાવ્યું હતું કે કેબિનેટે બંધારણની કલમ ૩૭૧છ હેઠળ નાગાઓના ધાર્મિક અને સામાજિક પ્રથાઓ તેમજ નાગા રિવાજના કાયદાઓ અને પ્રક્રિયાઓને આપવામાં આવેલી સુરક્ષાનો ઉલ્લેખ કર્યો હતો. બેઠક દરમિયાન, કેબિનેટને વિવિધ નાગરિક સમાજ સંગઠનો અને રાજકીય પક્ષો દ્વારા વ્યક્ત કરવામાં આવેલા વાંધાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સત્તાધારી નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી, તેના સહયોગી ભાજપ, નાગા પીપલ્સ ફ્રન્ટ, નાગા મધર્સ એસોસિએશન અને નાગા સ્ટુડન્ટ્સ ફેડરેશન જેવા નાગરિક સંગઠનોએ આ કાર્યક્રમ સામે વાંધો ઉઠાવ્યો હતો.

## વિશેષ

### દાદાની સવારી.....એસ.ટી. અમારી । નાગરિકોની પરિવહન સેવાને વધુ સુદ્રઢ બનાવવા હર્ષ સંઘવીએ ગાંધીનગર ખાતેથી ૨૦ નવીન હાઈ ટેક વોલ્વો બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવા યુગની નવી બસોની શરૂઆત થઇ ગઈ છે : હર્ષ સંઘવી









। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિના પાયારૂપ બાબતોમાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ કનેક્ટીવીટી અને જાહેર પરિવહન સેવાને દેશની ગતિશીલતાનો આધાર ગણાવી છે. તે જ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા સામાન્ય નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યના વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર બસ સ્ટેશન ખાતેથી નાગરિકોની પરિવહન સેવામાં ૨૦ નવીન હાઈટેક વોલ્વો બસોને ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીશ્રી એ નાગરિકોની સુરક્ષાને લગતી સુવિધાઓનું જાત નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવા યુગની નવી બસોની શરૂઆત થઇ ગઈ છે. આ અધતન ટેક્નોલોજી યુક્ત ૨૦ નવીન હાઈટેક બસો આજથી ગુજરાતના નાગરીકો માટે કાર્યરત રહેશે. જેમાં અમદાવાદ નેહરૂનગર થી સુરત માટે આઠ બસો, અમદાવાદ નેહરુનગર થી વડોદરા ખાતે આઠ બસો તેમજ અમદાવાદથી રાજકોટ માટે ચાર બસોનું સંચાલન આજથી નાગરિકો માટે કરવામાં આવશે.

વધુમાં શ્રી હર્ષભાઈ સંઘવીએ નવીન બસમાં સુરક્ષા અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ બસ દેશની પ્રથમ સૌથી સુરક્ષિત બસ છે, આ બસમાં એરફોર્સના એરક્રાફ્ટ અને નેવીની સબમરીનમાં જે પ્રકારની ફાયર સેફટીની સુવિધા હોય છે તે પ્રકારની ફાયરસેફટીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ફાયર ડીટેકશન અને અલાર્મ, ફાયર ડીટેકશન અને સપ્રેશન, અને ફાયર ડીટેકશન અને પ્રોટેક્શનનો સમાવેશ થાય છે. બસમાં કોઈ પણ કારણસર આગની દુર્ઘટના અથવા ધુમાડો ઉત્પન્ન થાય ત્યારે નાઈટ્રોજન ગેસ અને ૨૫૦ લીટરની પાણીની બે ટેક્નો દ્વારા બસની અંદર સ્પ્રિંકલર ટેક્નોલોજીની મદદથી પાણીનો છંટકાવ થશે અને નાગરીકો સુરક્ષિત બહાર આવી શકશે. સાથોસાથ આ બસોમાં મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખીને એક ઈમરજન્સી બટન આપવામાં આવ્યું છે. યાત્રા દરમિયાન મહિલાઓ સાથે કોઈ બનાવ બને ત્યારે મહિલાઓ દ્વારા આ બટન દબાવવાથી નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ થશે અને ગુનેગારને પ કડવામાં સરળતા રહેશે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે આ નવીન બસોમાં નાગરિકો માટે વિશેષ સુવિધાઓ ધ્યાનમાં રાખવામાં આવી છે, જેમાં ૪૭ સીટીંગ કેપેસીટી, ૨૮૨ લેધર અને આરામદાયક પુશબેક સીટ, સી.સી.ટી.વી કેમેરા, મોબાઈલ ચાર્જીંગ ફેસીલીટી, ફાયરસેફટી માટે અધ્યતન સ્પ્રિંકલર સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર એલાર્મ, એલ.ઈ.ડી. ટી.વી, એકઝોસ્ટ ફેન સાથેના હેચ, ઈમર્જન્સી એક્ઝિટ ડોર વગેરે આધુનિક ટેકનોલોજી સુવિધાઓથી સજજ આ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે.

આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તર ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલ, કલોલ ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી અનુપમ આનંદ સહિત એસ.ટી. વિભાગ સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

### નડિયાદમાં તસ્કરોનો તરખાટ

# નડિયાદમાં તસ્કરોએ સોના-ચાંદીના દાગીના મળીને રૂ ૧.૯૩ લાખની ચોરી કરી

## આ બનાવ સંદર્ભે નડિયાદ શહેર પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે

**। (એજન્સી) નડિયાદ, તા.૧૨ ।**

ગણેશોત્સવના તહેવારો ચાલી રહ્યા છે. આવા સમયે તસ્કરોએ પોતાનો હાથ અજમાવ્યો હતો. નડિયાદ શહેરના વાણિયાવડ વિસ્તારમાં આવેલા કિસન સમોસાના ખાંચામાં આવેલા બંધ મકાનમાં તસ્કરો તિજોરી તોડીને સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળીને રૂ. ૧.૯૩ લાખની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ સંદર્ભે નડિયાદ શહેર પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. આ અંગેની વધુ માહિતી જોવામાં આવે તો, નડિયાદના હાર્દ સમા વાણીયાવડ વિસ્તારમાં કિશન સમોસાના ખાંચામાં નિષ્ઠા સોસાયટીના મકાન નંબર ૨૩ કમલેશ ભાઈ ચૌહાણની માલિકીના મકાનમાં ચિંતનભાઈ અરવિંદભાઈ પટેલ ભાડેથી રહે છે. મંગળવારે રાત્રે મકાનના ઉપરના માળે જમી પરવારી તેમના પત્ની અને બાળકો સુઈ ગયા હતા. જ્યારે નીચેના મકાનને તાળું મારી ચિંતનભાઈ પટેલ સંસ્કાર યુવક મંડળના ગણપતિના ડેકોરેશન માટે ગયા હતા.આ દરમિયાન રાત્રે સમયે ત્રાટકેલા તસ્કરો નીચેના મકાનના દરવાજાનો નકુચો કાપી અંદર પ્રવેશી તિજોરી તોડી તેમાં મુકેલ સોનાના દાગીના જેમાં સોનાની વીંટી,સોનાનો બ્રેસલેટ, સોનાનો હાર બે તો, સોનાની બુટ્ટી સોનાની ચેન, સોનાનું પેન્ડલ, ચાંદીનો જુ, ચાંદીની ચેન, ચાંદીની બંગડી, ચાંદીનું મંગલસૂત્ર મળી સોનાના દાગીના કિંમત રૂ.૧,૭૧,૦૦૦ તથા ચાંદીના દાગીના રૂ.૧૯,૫૦૦ તથા રોકડ રૂ.૩,૦૦૦ મળી કુલ રૂ.૧,૯૩,૫૦૦ ની મતા ચોરી ગયા હતા. આ બનાવ અંગે ચિંતનભાઈ અરવિંદભાઈ પટેલે નડિયાદ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તસ્કરોનું પગેરું મેળવવા તપાસ હાથ ધરી હતી.

નડિયાદ શહેરમાં ટુ-વ્હિલરની ચોરી કરવાની ચાર ઘટનાઓ એક દિવસ પહેલા જ પોલીસ ચોપડે નોંધાઈ હતી. તેમજ આ ચારેય ચોરીઓ નગરના ભરચક વિસ્તારોમાં થઈ છે. જેથી તસકરો જાણે બે ફામ બન્યા હોય તેવુ લાગી રહ્યું છે. થોડા દિવસ પહેલા દોડે દહાડે જ શહેરના મિલ રોડ પર આવેલા એક ફ્લેટમાં દંપતિ માત્ર બેંકનું કામ પતાવવા ગયુ હતુ ને, તસ્કરોએ હાથફેરો કર્યો હતો. આમ નડિયાદ શહેરમાં ધોળે દહાડે ચોરીઓના બનાવો બને છે.

### ૧૨ હજાર પોલીસકર્મી ખડેપગે રહેશે

# અમદાવાદ ૧૬-૧૭ સપ્ટેમ્બરે પોલીસ છાવણીમાં ફેરવાશે

## શહેરમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાનનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી ખાસ બંદોબસ્તમાં ગોઠવાશે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।**

શહેરમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો પ્રવાસ અને બે મોટા તહેવારો હોવાથી શહેર પોલીસને ખાસ બંદોબસ્તમાં ગોઠવી દેવાશે. જેમાં શહેરના કુલ ૧૨ હજાર પોલીસ કર્મચારીઓ ખડેપગે રહેશે. આ વખતે SRP અને બીજી ફોર્સ અન્ય રાજ્યમાં ચૂંટણી હોવાથી બહાર ગઈ છે.ત્યારે અમદાવાદ શહેરની તમામ પોલીસને આ મહત્ત્વના દિવસોમાં બંદોબસ્તમાં રોકવામાં આવી છે.સિનિયર અધિકારીઓની માગ અમદાવાદ પોલીસ તરફથી કરવામાં આવી હતી. જેમાં ચાર DCP અને ચાર ASPને અમદાવાદ માટે ફાળવવામાં આવ્યા છે. આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી છે. શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૬ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો GMDC ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ-એ-મિલાદના જુલુસ નીકળવાના છે. આ જુલુસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે. શહેરમાં ઝોન ૨, ઝોન ૩, ઝોન ૫ અને ૬માં સ્થાનિક પોલીસની સાથે અન્ય જગ્યાની પોલીસ પણ ફાળવવામાં આવશે. અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરમાં અંદાજે ૧૨ હજાર જેટલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ બે દિવસ તમામ પોલીસ શહેરમાં ખાસ બંદોબસ્તમાં હાજર રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે મીડિયાને જણાવ્યું હતું કે, આ મામલે અમે તૈયારીઓ કરી લીધી છે અને કેટલોક વધારાનો સ્ટાફ માગવામાં આવ્યો છે જે અમને મળી ગયો છે. ચાર ડીસીપી અને ચાર એએસપી કક્ષાના અધિકારીઓ આ બે દિવસ અમદાવાદ શહેર પોલીસ સાથે કામ કરશે. બીજી તરફ SRP અને અન્ય ફોર્સ હાલ અન્ય રાજ્યમાં છે અને રાજ્યમાં બીજી જગ્યાએ પણ તહેવારો હોવાથી અમદાવાદ પોલીસનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય તેનું આયોજન કરી દેવામાં આવ્યું છે. ૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન થવાનું છે. આ સમગ્ર વ્યવસ્થાને સિનિયર અધિકારીઓ દ્વારા મોનિટરિંગ અને વ્યવસ્થા સાથે જોડવામાં આવશે.

### રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ પેકેજ તૈયાર કરાયા

# વડોદરામાં પૂરગ્રસ્તો માટે સરકારે કરી રોકડ સહાયની જાહેરાત

## રૂપિયા ૨૫,૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરવામાં આવી

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૨ ।**



તાજેતરમાં વડોદરામાં ખાબકેલા વરસાદના લીધે પૂરની સ્થિતિ સર્જાઇ હતી. જેના લીધે વડોદરાના રહીશોની ઘરવખરીથી માંડીને વેપાર-વાણિજ્ય ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે ધંધા રોજગાર પુનઃ ધમધમતા થાય અને આર્થિક રીતે મદદ થવાના હેતુથી રાજ્ય સરકારે મોટો નિર્ણય લેતાં ૫,૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ હજાર સુધીની રોકડ સહાય આપવાની જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા અલગ-અલગ પેકેજ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં લારી ધારકોથી માંડીને માસિક ૫ લાખથી વધુનું ટર્નઓવર કરતાં વેપારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડોદરાના પૂર અસરગ્રસ્તોના પુનઃ વસવાટ અને ધંધા રોજગારને પુનઃ કાર્યાન્વિત કરવા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આર્થિક તેમજ પુનઃવસન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રાહત પેકેજમાં નાના લારીધારકને ૫,૦૦૦ સુધીની રોકડ સહાય જ્યારે પાકી દુકાન ધરાવતા લોકોને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય જાહેર કરી છે.

- લારી/રેકડી ધારકને ઉચ્ચક રૂ. ૫,૦૦૦ ની રોકડ સહાય
- ૪૦ સ્ક્વેર ફૂટ સુધીની નાની સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૨૦,૦૦૦ ની રોકડ સહાય
- ૪૦ સ્ક્વેર ફૂટથી મોટી કેબિન ધારકને ઉચ્ચક રૂ. ૪૦,૦૦૦ ની રોકડ સહાય
- નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન ધારકને ઉચ્ચક રૂ. ૮૫,૦૦૦ રોકડ સહાય
- માસિક ટર્નઓવર રૂ. ૫ લાખથી વધુ હોય તેવી મોટી દુકાનના ધારકને રૂ. ૨૦ લાખ સુધીની લોન પર ૩ વર્ષ સુધી વ્યાજસહાય ૭% ના દરે રૂ. ૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે.

### ACBએ ગુનો દાખલ કર્યો

# સુરતના તત્કાલિન ટાઉન પ્લાનરની આવક કરતા ૫૬.૭ ટકા વધુ સંપત્તિ

## બેંક ખાતાની વિગતો મેળવીને ઊંડી તપાસ હાથ ધરાઈ

**। (એજન્સી) સુરત, તા.૧૨ ।**

રાજકોટમાં થયેલી TRP ગેમઝોન દુર્ઘટના બાદ મ્યુનિસિપાલિટીના ટાઉન પ્લાનિંગ ઓફિસર સાગઠિયાની ધરપકડ કરીને તેની સંપત્તિની તપાસ કરવામાં આવી હતી. ACBએ તપાસ શરૂ કરતાં ૨૦૧૨ની સાલથી લઈ ૨૦૨૪ની સાલ દરમિયાન સાગઠિયાએ તેની દેખીતી આવક કરતાં ભ્રષ્ટ રીતરસમો અપનાવી ૧૦.૫૫ કરોડની અપ્રમાણસર મિલકતો એકત્રિત કર્યાનું બહાર આવતાં ગુનો દાખલ કર્યો હતો. હવે સુરતના તત્કાલિન ટાઉન પ્લાનર કૈલાશ લાહનાભાઈ ભોયા સામે વડોદરા ACB દ્વારા ભ્રષ્ટાચાર અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતના તત્કાલિન ટાઉન પ્લાનર કૈલાશ લાહનાભાઈ ભોયા સામે ભ્રષ્ટાચારના અનેક આક્ષેપોના પગલે ACB વડોદરા બ્યુરો દ્વારા તેઓની મિલકત અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. વડોદરા એસીબી દ્વારા તારીખ ૧ એપ્રિલ ૨૦૧૨થી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન કૈલાશ ભોયાની મિલકતના પુરાવા તેમજ બેંક ખાતાની વિગતો




મેળવીને ઊંડી તપાસ હાથ ધરવામાં આવી હતી.

ACBના નાણાકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ કરાતા કૈલાશ ભોયાની કાયદેસરની કુલ આવક ૨.૭૫ કરોડ હતી, જેની સામે તેમને પોતાના અને પરિવારજનોના નામે કુલ રોકાણ અને ખર્ચ ૪.૩૩ કરોડનો કર્યો હતો. આમ આવક કરતા ૧.૭૫ કરોડની વધુ સંપત્તિ વસાવી હોવાનું બહાર આવ્યું હતું. અગાઉ વડોદરામાં પણ ફરજ બજાવી ચૂકેલા કૈલાશ ભોયાએ ૫૬.૭ ટકા વધુ મિલકતો ભ્રષ્ટાચારથી વસાવી હોવાનું ફલિત થતાં કૈલાશ ભોયા સામે આવક કરતા વધુ મિલકતનો ભ્રષ્ટાચાર અધિનિયમ હેઠળ ગુનો નોંધાવ્યો હતો.




### ST બસે ૧૦૮ એમ્બ્યુલન્સને ટક્કર મારી

# ઉધના ત્રણ રસ્તા પર ST બસ અને ૧૦૮ એમ્બ્યુલન્સનો અકસ્માત

**। સુરત, તા.૧૨ ।**

ગુજરાતમાં કેટલીક વાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતમાં ફરી એક વાર અકસ્માતની ઘટના સામે આવી છે. સુરતના ઉધના ત્રણ રસ્તા પર એસટી બસે ૧૦૮ એમ્બ્યુલન્સને ટક્કર મારી છે. ૧૦૮ એમ્બ્યુલન્સમાં પાછળથી એસટી બસ અથડાઈ હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ દર્દી લઈને સિવિલ જતા સમયે આ ઘટના બની હતી. અકસ્માતની ઘટના બનતા જ એમ્બ્યુલન્સમાંથી દર્દીને અન્ય ૧૦૮માં હોસ્પિટલ ખસેડાયો છે. જેના પગલે એસટી બસમાં રહેલા મુસાફરોને અન્ય બસમાં રવાના કરાયા હતા.

બીજી તરફ આ અગાઉ પાટણમાં અકસ્માતમાં ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. સમી-રાધનપુર હાઈવે પર ST બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા. અકસ્માત બાદ બાઈકમાં આગ લાગી હતી. આગની ઝપેટમાં આવી જતા ત્રણ લોકોના મોત થયા.

### બોડકદેવ પોલીસની ગીરફતમાં આવી ગયા આરોપીઓ

# અમદાવાદના યુવકની ડેટિંગ એપ્લિકેશનના માધ્યમથી લૂંટ

**એપ્લિકેશનથી મિત્ર બનેલા શખ્સોએ યુવકને લૂંટીને માર્યો**

**। અમદાવાદ, તા.૧૨ ।**

અમદાવાદમાં એક યુવકને એપ્લિકેશનથી મિત્ર બનેલા શખ્સોએ લૂંટનાં લૂંટ્યો છે. આરોપીઓએ લૂંટના ઈરાદે યુવકનું અપહરણ કરી ગાડીમાં લઈને પૈસા પડાવ્યા.જો કે રોકડ પૈસા ન મળતા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. બોડકદેવ પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદના બોડકદેવ પોલીસની ગીરફતમાં રહેલો આરોપી સ્વપ્રિલ દેસાઈ, આયુષ રબારી અને આર્યન દેસાઈ છે જેની પોલીસે અપહરણ અને લૂટ કેસમાં ધરપકડ કરી છે. આ આરોપીએ એપ્લિકેશન માધ્યમથી એક યુવકને મળી તેનું અપહરણ કરી લૂંટી લીધો હતો. ઘટનાની વાત કરીએ તો જૂનાગઢનો રહેવાસી પૂજન વસોયા અમદાવાદના થલતેજ વિસ્તારમાં મિત્રો સાથે ભાડે રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૮ સપ્ટેમ્બરના રાત્રે પૂજન જમીને સિંધુભવન રોડ પર બેસવા જઈ રહ્યો હતો, ત્યારે બાગબાન ચાર રસ્તા પાસે એક કાર ઉભી હતી તે કારના ચાલકે પૂજનનો હાથ ખેંચી તેને જબરજસ્તી ગાડીમાં બેસાડી લઈ ગયા હતા. રસ્તામાં ત્રણેય આરોપીએ પૂજનને માર મારી અવાવરૂ જગ્યાએ ગાડી ઉભી રાખી પૈસાની માંગણી કરી હતી. બાદમાં રોકડ પૈસા ન મળતા તેનો ફોન લઈ અને ગૂગલ પેનો પાસવર્ડ જાણી રૂપિયા ૪૦,૦૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા.

### ડ્રગ્સ પેડલરો માટે ગુજરાત બન્યુ આર્શિવાદરૂપ

# અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાંથી ૧ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું

## કોઇએ પણ વિચાર્યું ન હોય એમ ઇકો ગાડીના ટાયરમાં ડ્રગ્સનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।**

રાજ્યનું યુવાધન ડ્રગ્સના રવાડે ચડી ગયું છે. દર બીજા દિવસે રાજ્યમાંથી લાખો- કરોડોનું ડ્રગ્સ ઝડપાય છે. એમાં પણ ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોમાં ડ્રગ્સ સરળતાથી ઉપલબ્ધ થઈ રહ્યું છે. ડ્રગ્સ પેડલરો માટે ગુજરાતનો દરિયો આર્શિવાદ બન્યો છે. આ ઉપરાંત રોડ માર્ગે પણ ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થો ગુજરાતમાં ઘુસાડવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ વિસ્તારમાં ૧ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. અમદાવાદમાં ડ્રગ્સનો સૌથી વધુ ઉપયોગ થાય છે, અમદાવાદ ડ્રગ્સ પેડલરોનું મોટું નેટવર્ક પથરાયેલું છે. દરરોજ લાખો-કરોડોનું ડ્રગ્સ સપ્લાય કરવામાં આવે છે. ડ્રગ્સના દૂષણને નાથવા માટે અમદાવાદ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમો સતત પ્રયાસ કરી રહી છે. ત્યારે ફરી એકવાર અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને ૧ કરોડનું ડ્રગ્સ જપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

ક્રાઈમ બ્રાન્ચે આસિમ હુસેન સૈયદ અને વિષ્ણુવાદી નામના બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ડ્રગ્સ પહોંચાડનાર અતિક નામનો આરોપી ફરાર થઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં જાણવા મળ્યું છે કે જયપુર-રતલામ રૂટથી અમદાવાદમાં ડ્રગ્સનો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો હતો. ડ્રગ્સ માફિયાએ આ વખતે નવી જ તરકીબ અપનાવી હતી. આ તરકીબ જોઈને ભલભલા અચંબિત થઈ જાય. કોઈએ પણ વિચાર્યું ન હોય એમ ઈકો ગાડીના ટાયરમાં ડ્રગ્સનો જથ્થો સંતાડવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે ઈકો ગાડીની તલાશી લેતાં ટાયર ખોલીને જોયું તો ઘટનાસ્થળે હાજર સ્ટાફ અચંબામાં મુકાઈ ગયો હતો.

### રેલવે મંત્રાલયે ગુજરાતની જનતાને ખુશ ખબર આપ્યા

# ભુજ-અમદાવાદ વચ્ચે સપ્તાહમાં ૬ દિવસ દોડશે નવી વંદે મેટ્રો ટ્રેન

## વડાપ્રધાન ૧૬ સપ્ટેમ્બરે વંદે મેટ્રોને લીલી ઝંડી બતાવશે

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૨ ।**

કેન્દ્ર સરકાર હવે વંદે ભારત ટ્રેનની બે નવી શ્રેણીઓ શરૂ કરવા જઈ રહી છે. રેલવે મંત્રાલયે ગુજરાતની જનતાને ખુશ ખબર આપ્યા છે. હવે ભુજ અને અમદાવાદ વચ્ચે વંદે મેટ્રો ટ્રેન શરૂ કરવામાં આવશે. વડાપ્રધાન મોદી ૧૬ સપ્ટેમ્બરના રોજ વંદે મેટ્રોને લીલી ઝંડી બતાવશે. આ વંદે મેટ્રો ટ્રેન સપ્તાહમાં ૬ દિવસ દોડશે. ભુજથી ટ્રેન નં. ૯૪૮૦૨ સવારે ૫.૦૫ વાગ્યે ઉપડશે, જે સવાર ૧૦.૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન રવિવાર સિવાય અઠવાડિયાના છ દિવસ દોડશે. જ્યારે અમદાવાદથી ટ્રેન નં. ૯૪૮૦૧ સાંજે ૫.૩૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૧૧.૩૦ વાગ્યે ભુજ પહોંચશે, આ ટ્રેન શનિવાર સિવાય અઠવાડિયાના છ દિવસ દોડશે. આ ટ્રેન અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખિયાલી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ , ચાંદોલીયા, સાબરમતી ઉભી રહેશે. આ ટ્રેનમાં ૧૨ એર-કન્ડિશન્ડ કોચ હશે. ગયા અઠવાડિયે અમદાવાદ-ગાંધીધામ રૂટ પર ટ્રેનનું ટ્રાયલ રન હાથ ધરવામાં આવ્યું હતું. ૮મી સપ્ટેમ્બરે ટ્રાયલ રન દરમિયાન ટ્રેને અમદાવાદથી ગાંધીધામ રૂટને કવર કરવા ચાર કલાકનો સમય લીધો હતો. જ્યારે ગાંધીધામથી ભુજ રૂટને એક કલાકમાં કવર કર્યો હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨